૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૪,૨૦૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૧-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૩-૦૮-૨૦૨૪ શુક્રવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ વદ ૪ વર્ષ : ૨૮ અંક ૩૧૯

## જિલ્લા મથક અમરેલીમાં લોકમેળા બંધ રહેવાના છે ત્યારે ગૌશાળા અને સ્મશાનનાં લાભાર્થે

# રાજુલામાં લોક મેળાનો શ્રી હિરાભાઇ સોલંકીનાં હસ્તે પ્રારંભ

### રાજુલા પંથકમાં દર વર્ષે શ્રી પુંજાબાપુની ગૌશાળાના લાભાર્થે થતુ આયોજન : રાજુલા પંથકમાં ઉત્સાહ અને ઉમંગ



રાજુલા, (કનુભાઇ વરૂ) અમરેલી જિલ્લા મથકે જ્યારે લોકમેળાની મંજૂરી મળી નથી તેની વચ્ચે

(અનુ. પાના નં.૫)

૨૨ મી વાર્ષિક પુણ્યતિથીએ
## ભાવભરી શ્રધ્ધાંજલી






સ્વ.મનુભાઇ વીરાભાઇ બારોટ
સ્વ.તા.૨૩-૮-૨૦૦૨, શુક્રવાર

સ્વ.ચેતનભાઇ મનુભાઇ બારોટ
સ્વ.તા.૨૩-૮-૨૦૦૨, શુક્રવાર

જીવન એવુ જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદાય એવા કર્યા કે સૌના હદયમાં ગુંજ્યા કરે, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી, સુખને છલકાવ્યું નહી, દુ:ખને દેખાડયુ નહી, જીવનભર પારકાઓનું ભલુ હિત કરતા રહયા છો.
આપણા કુળના દેવી ચામુંડા માતાજી માં અમારા બાપુજી તથા અમારા ભાઇ સ્વ.ચેતનકુમારનાં દિવ્ય આત્માઓને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

લી.
વસંતભાઇ મનુભાઇ બારોટ
અતુલભાઇ મનુભાઇ બારોટ
સુંદરભાઇ મનુભાઇ બારોટ

ફ્રી ઓપરેશન... શ્રેષ્ઠ સારવાર... આધુનિક સુવિધા....
ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફ્રેક્ચર
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા
સિઝેરીયન પ્રસુતિ
સારણગાંઠ
પિતાશયની પથરી
વધરાવળ
પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો
સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ
રસોળી-ચરબીની ગાંઠ
એપેન્ડીક્ષ
હરસ-મસા-ફિશર
ફ્રી ડાયાલીસીસ સારવાર
દુરબીનથી ઓપરેશન (લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
પથરી, પ્રોસ્ટેટ, કીડનીના રોગો તથા એપેન્ડીક્ષ, પિતાશય વગેરેના લેપ્રોસ્કોપિક તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરિયા રોડ,નાગરિક બેંકની બાજુમાં, અમરેલી.
ફોન:(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
સતત 5 th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮
LIC




જોઇએ છે
સિવિલ એન્જીનિયર અથવા અનુભવી સુપરવાઇઝર
બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ જરૂરી
યોગ્યતા પ્રમાણે આકર્ષક વળતર
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના નંબર પર સંપર્ક કરો
સંપર્ક : રૂદ્રા કન્સ્ટ્રક્શન - અમરેલી
મો.૯૯૨૫૩ ૯૧૧૪૫, ૯૯૨૫૭ ૦૫૭૮૩




વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો : 73000 51000

ભગવાન સૌનું ભલુ કરો...



- રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

Grand Opening
પ્રગતિ એ મનુષ્યના અંતર મનની અતૃપ્ત ઝંખના છે, એ ઝંખનાની પરિતૃપ્તિ માટે જરૂરી છે નિષ્ઠાભરી મહેનત, સાહસ અને શુભેચ્છકો દ્વારા મળતી પ્રેરણા અને સહકાર... બિંદુ - બિંદુથી સિંધુ સુધીની સફળ મધ્યે સબંધોમાં વ્યાપેલી પ્રસન્નતા અને લાગણીઓના ઉછળતા મોજાના સથવારે આપની પ્રત્યેની કટીબધ્ધતા સહ... એક નવુ મુકામ લઇને આવ્યા છીએ...



આર.એન ચશ્મો વાલા



ના પ્રારંભ અવસરે આપની ઉપસ્થિતિ પ્રારંભની ક્ષણોને ગૌરવવંતી બનાવશે અને અમારૂ પ્રેરકબળ બનશે...
તારીખ : ૨૪-૮-૨૦૨૪, શનિવાર
સમય : સવારે ૯:૦૦ થી આપના આગમન સુધી....
સ્થળ : દુ.નં.૬૩, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, જીલ્લા પંચાયત રોડ, અમરેલી (ગુજ.) ૩૬૫૬૦૧. મો.૯૪૦ ૯૯ ૯૯૯ ૮૦

### અમદાવાદમાં બપોરે ૩-૩૦ કલાકે ગાંધી ભવનથી પદયાત્રામાં મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો, આગેવાનો, પદાધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ અને પીડીત પરિવારો જોડાયાં

# અમદાવાદમાં કોંગ્રેસની ન્યાય યાત્રા ગજવતા શ્રી જેની ઠુંમર

### પૂજ્ય ગાંધીજીના સાબરમતી આશ્રમ ખાતે સાંજે ૫-૩૦ કલાકે પ્રાર્થના સભામાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં : પૂ. મહાત્મા ગાંધીજીના તૈલચિત્રને નમન કર્યા

### દોષિતોને સજા-પીડિતોને ન્યાયની લડાઇ એટલે કોંગ્રેસની 'ગુજરાત ન્યાય યાત્રા' : ઓગસ્ટથી શરૂ થયેલી કોંગ્રેસની 'ગુજરાત ન્યાય યાત્રા' ૩૦૦ કિલોમીટરથી અંતર કાપી આજે ચાંદખેડામાં સમાપન





અમરેલી,દોષિતોને સજા-પીડિતોને ન્યાયની લડાઈ એટલે કોંગ્રેસની 'ગુજરાત ન્યાય યાત્રા'નાં સુત્ર સાથે ઓગષ્ટથી શરૂ થયેલી કોંગ્રેસની 'ગુજરાત ન્યાય યાત્રા' ૩૦૦ કિલોમીટરથી અંતર કાપી આજે ચાંદખેડા,અમદાવાદમાંસમાપનથનાર છે અને તે પુર્વે ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મહિલાપાંખનાંપ્રમુખશ્રીજેનીબેનઠુંમરે ન્યાય યાત્રા ગજવી હતી. અમદાવાદમાં બપોરે ૩-૩૦ કલાકે ગાંધી ભવનથી પદયાત્રામાંમોટીસંખ્યામાંકોંગ્રેસપક્ષના કાર્યકરો-આગેવાનો-પદાધિકારીઓ-ધારાસભ્યશ્રીઓ અને પીડીત પરિવારો જોડાયા હતાં.પૂજ્ય ગાંધીજીના સાબરમતી આશ્રમ ખાતે સાંજે ૫-૩૦ કલાકે પ્રાર્થના સભામાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. પૂજ્ય મહાત્મા ગાંધીજીના તૈલચિત્રને નમન કર્યા હતાં.

## અમરેલીનાં સાત પીઆઇની બદલી : છ નવા પીઆઇ આવ્યાં

### રાજ્યનાં ગૃહ વિભાગ દ્વારા રાત્રે બદલીનો લીથો નિકળ્યો

અમરેલી, રાજ્યનાં ગૃહ વિભાગ દ્વારા પીઆઈ કક્ષાનાંઅધિકારીઓનીબદલીનો લીથો નિકળતા અમરેલીનાં સાત પીઆઈનીબદલીકરવામાંઆવીછેજેમાં અમરેલીનાં જે.પી. ગઢવીને વડોદરા, કે.એલ.ગળચરને અમરેલીથી જામનગર, બી.ડી.મજીઠીયાને અમરેલીથી રાજકોટ ગ્રામ્ય, શ્રી પ્રશાંત લક્કડને અમરેલીથી સુરેન્દ્રનગર તેમજ પ્રદિપસિંહ જાડેજાને અમરેલીથી દાહોદ, જે.કે.મોરીને અમરેલીથી કચ્છ પશ્ચિમ ભુજ અને કિરીટસિંહ મોરીને અમરેલીથી સીઆઈડીક્રાઈમબ્રાન્ચમાંમુક્યાંછેજ્યારે અમરેલીમાંબનાસકાંઠાથીઅરવિંદગીરી ચાવડા તેમજ મહેસાણાથી કમલેશ એલ.ખટાણા અને મહેસાણાથી ભરતકુમાર જોષીને અમરેલી, ઈન્ટેલીજન્સમાંથીઅલ્પેશકુમારપરમારને અમરેલી, ઈન્ટેલીજન્સમાંથી જાગૃતિબા સરવૈયા, મુકેશભાઈ જયદેવભાઈ બારોટનેઅમરેલીમુકવામાંઆવ્યાંછે.

## બગસરા ડેપોમાં બગસરા રાજકોટ બસ મોડી ઉપડતા મુસાફરો પરેશાન

### કંડકટરના કારણે મુસાફરો ત્રાહીમામ

બગસરા, (સમીર વિરાણી)બગસરા એસટી ડેપોમાંથી વહેલી સવારે ઉપડતી ૫.૩૦ કલાકની બસ બગસરા વાયા જેતપુર રાજકોટ અડધી કલાક મોડી ઉપાડતા મુસાફરો રઝળી પડયા હતાં. જ્યારે ડ્રાઈવર દ્વારા આ બસને નિયત સમય પહેલા જ પેલ્ટફોરમ ઉપર રાખી દેવામાં આવેલી હતી પરંતુ સમય થતાં કન્ડકટરના આવતા બસ માં બેઠેલા મુસાફરો પરેશાન થઈ ગયા હતા. એવુ પણ ચર્ચામાં છે કે જ્યારે કોઈ મળતિયા દ્વારા બસ મોડી ઉપાડવામાં આવે છે તો કાંઈ વાંધો નહિ કહી રફેદફે કરવામાં આવે છેપરંતુજો કોઈ અન્ય કર્મચારી મોડાઆવે તો તેમની પાસેથી ખુલાશો પણ લખવામાં આવે છે.આવી એક ને ગોળ અને એક ને ખોળ જેવી નીતિથી કર્મચારીઓ માં ગણગણાટ શરૂ થઈ ગયો છે. આવા વાંધા ના હિસાબે મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે. તો આવા અધિકારી તેમજ કર્મચારીઓ ઉપર કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકો માં માંગ ઉઠી છે.

## નાગધ્રામાં ૨૩-૨૩ વર્ષ સુધી દિકરાની જેમ મહેનત કરનાર બળદને સમાધિ અપાઇ

### બળદની પ્રદક્ષીણા કરી સમાધિ આપી શોક વ્યક્ત કરતા શ્રી રઘુભાઇ ભડીંગજી



અમરેલી,નાગધ્રા ગામે રહેતા પરેશભાઈ ડાયાભાઈ પટેલનો બળદ મૃત્યુ પામતા આજે બળદને વિધિવત સમાધિ આપી હતી. ચારેય બાજી દિવા મુકી પ્રદક્ષીણા કરી અને બળદને સમાધિ આપી પોતાની લાગણી વ્યક્ત કરી હતી. ૨૩-૨૩ વર્ષ સુધી સગા દિકરાની જેમ કમાઈ આપનાર બળદનું નિધન થતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

### ધારી માર્કેટયાર્ડ તહેવારોને કારણે બંધ

અમરેલી,ધારી માર્કેટયાર્ડમાં તહેવારોને કારણે તા.૨૪ થી ૨૭ સુધી બંધ રહેશે. તા.૨૬ સોમવારથી તા.૨૭ સુધી શાકભાજી હળ વિભાગ સહિતની તમામ કામગીરી બંધ રહેશે તેમ ધારી માર્કેટયાર્ડના સેક્રેટરી દ્વારા જણાવાયુ છે.

## અમરેલી જિલ્લા પંચાયત ખાતે શ્રી સુતરીયાની મુલાકાતે આગેવાનો

### ધારી, અમરેલી, લાઠી, ગોખરવાળા, ચિતલ, જાળીયા કોળી સમાજનાં આગેવાનોએ મુલાકાત લીધી



અમરેલી, અમરેલી જિલ્લા પંચાયત ખાતે સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાની ધારી, અમરેલી, લાઠી, ગોખરવાળા, ચિતલ, જાળીયા કોળી સમાજનાં આગેવાનોએ મુલાકાત લીધી હતી. સમસ્ત કોળી સમાજ સમસ્ત કોળી સમાજ સંગઠન તેમજ ધારીનાં આગેવાનો રમેશભાઈ મકવાણા, અખિલ ભારતીય કોળી સમાજ તથા નાગજીભાઈ બારૈયા, સમુહ લગ્નોત્સવ સમિતિ ધારી, જય વેલનાથ સેવા સમાજ ટ્રસ્ટ પ્રમુખ શ્રી રમેશભાઈ મકવાણા, બાબુભાઈ મકવાણા, અનિરૂધ્ધભાઈ ઠાકોર, આરબી વાઘેલા, તુષારભાઈ માંડવીયા, પ્રવિણભાઈ તેરવડીયા, સંજયભાઈ પરમાર લાઠી, એસપી ઠાકોર, મુનાભાઈ ડાભી અમરેલી, સતિષભાઈ રાઠોડ ફતેપુર રજનીભાઈ મકવાણા જાળીયા, મનીષભાઈ માંડવીયા ગોખરવાળો, ભરતભાઈ માલણીયા મોટા ગોખરવાળા, અરવિંદભાઈ સિધ્ધપરા તથા લાઠી મહિલા આગેવાન જયશ્રીબેન મકવાણા તથા નરેશભાઈ માંડવીયા વગેરે આગેવાનોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## લાઠીમાં હોમગાર્ડ સેવકને મેડલ આપી સન્માન

### શ્રેષ્ઠ કામગીરી બદલ સ્વાતંત્ર્ય પર્વે સન્માન કરાયું



દામનગર, લાઠી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા હોમગર્ડ દળ માં માનદ સેવક શ્રી કાર્તિકભાઈ ભટ્ટ હોમગાર્ડ કમાંડર તરીકે શ્રેષ્ઠ કામગીરી બદલ લાઠી તાલુકા નાં હોમગાર્ડ યુનિટ લાઠી ઓફિસર કમાંડર કાર્તિકભાઈ ભટ્ટ સિનિયર પ્લાટુન કમાંડર નું જિલ્લા ગત ૧૫ મી ઓગસ્ટ બગસરા ખાતે જિલ્લા કક્ષા નાં ૭૮ માં રાષ્ટ્રિય પર્વ ની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજ્ય નાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયા જિલ્લા કલેકટર શ્રી દહીયા ની ઉપસ્થિતિ માં અમરેલી એસ પી હિમકરસિંહ નાં વરદહસ્તે મેડલ એનાયત કરાયું હતું શ્રેષ્ઠ કામગીરી બદલ વિશિષ્ટ સન્માન મેળવતા કાર્તિકભાઈ ભટ્ટ ને લાઠી શહેર નું ગૌરવ વધારતી સિદ્ધ બદલ સામાજિક સ્વેચ્છીક સંસ્થા એ શુભેચ્છા પાઠવી હતી.

## કલ્યાણપુરથી શાખપુર તરફ જતી સડકનું ધોવાણ થતા તત્કાલ રીપેર કરવા માંગણી

### અશ્વિનભાઈ બલર દ્વારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને રજુઆત



લીલીયા, (મહેશ દવે) લીલીયા તાલુકાના કલ્યાણપર ગામથી શાખપુર ગામ તરફ જતો રસ્તો છેલ્લા ૪ વર્ષથી ખરાબ હાલતથી ગત વર્ષના ચોમાસામાં એકસાથે ધોધમાર વરસાદ પડવાથી સડકનું સાતથી સાઠ ફુટ જેટલું ધોવાણ થયેલ.અરજદાર અશ્વિનભાઈ વી. બલર દ્વારા તા.૩૦-૯-૨૩ ના જીલ્લા વિકાસ અધિકારી , તાલુકા વિકાસ અધિકારી તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને લેખિત અને રૂબરૂ જાણ કરેલ.કે રોડની સ્થિતિ ખરાબ છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તુરંત જ આ વિભાગને લગતા અધિકારીને ફોન કરી કહેલ કે કલ્યાણપર ગામની અરજી આવેલ છે.તો જે અધિકારીને સ્થળ પર મોકલી તપાસ કરી જે કાઈ કરવું પડે તે કહો.અને બેત્રણ દિવસમાં અધિકારી આવી તમને મળશે.અધિકારીઓ આવ્યા અને મળ્યા અને આશ્વાસન આપ્યું કે ટુંક સમયમાં જે રોડનું ધોવાણ થયું છે. તે કામ થઈ જશે.છતા પણ કમનસીબી એ છે કે ૧૧ મહિના જેટલો સમય થઈ ગયો હોવા છતા માત્ર દિવાલનું કામ કરવામાં આવ્યું છે.માટી નાખવાનું કામ હજુ પણ બાકી છે.જેના કારણે આ રોડ બનાવવા માટે અશ્વિનભાઈ બલર દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી છે.

### જાહેર જનતામાં ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ સાથે

## ડુંગર પોલીસની ટીમ દ્વારા પગપાળા જતા શ્રધ્ધાળુઓને રેડીયમ બેલ્ટનું વિતરણ

### શ્રધ્ધાળુઓએ ડુંગર પોલીસ દ્વારા થયેલી કામગીરીને બિરદાવી



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા તાલુકાના ડુંગર પીએસઆઈ.આર.એચ.રતન તથા ડુંગર પોલીસ ટીમ જનતાના હિત માટે આગળ પડતી જોવા મળી રહી છે. જેની સહાનીય કામગીરીની ચર્ચા એ જોર પકડ્યું છે જે જનતાની રક્ષક તેમજ રખડતા ઢોરોની પણ રક્ષા કરવામાં આગળ પડતી જોવા મળી રહી છે. ડુંગર પોલીસ દ્વારા ટ્રાફીક ડ્રાઈવનુ આયોજન કરી ટ્રાફીક અંતર્ગત ડુંગર વિસ્તારના દેવકા ગામે દેવકા વિદ્યાપીઠ અને જે.એન.મહેતા હાઈસ્કુલ ડુંગર ગામ ખાતે વિદ્યાર્થીઓને ટ્રાફીકના નિયમો અને માર્ગસલામતી અંગે માર્ગદર્શન આપવામા આવ્યું હતું. સાથે સાથે ડૂંગર પોલીસ સ્ટેશન વિસ્તાર મહુવા-રાજુલા નેશનલ હાઈવે ઉપર વાહન ચાલકોને ટ્રાફિક અવેરનેસ લગત પત્રીકા આપી ટ્રાફીકના નિયમો અને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન પણ આવ્યુ હતુ. વાહન અકસ્માતો ઉપર અંકુશ મેળવવા અને ટ્રાફીક નિયમોની અમલવારી થાય તે માટે ડુંગર વિસ્તારના સ્ટેટ અને નેશનલ હાઈવે ઉપર અડિંગો જમાવીને બેસતા રેઢીયાર પશુઓથી રાત્રી દરમ્યાન પસાર થતા વાહન ચાલકોને મુશ્કેલી પડતી હોય જેમાં મદદરૂપ થવા પશુઓના ગળામાં રેડીયમ બેલ્ટ પેહરાવી અને પો.સ્ટે.વિસ્તારમાંથી ડુંડાસ ગામે વાછડા દાદાના મંદિરે જતા શ્રધ્ધાળુઓ પાસે ટોર્ચ કે બેટરીની વ્યવસ્થા ન હોય જેથી શ્રધ્ધાળુઓને રેડીયમ બેલ્ટનુ વિતરણ કરતી ડુંગર પોલીસ જોવા મળી હતી આ સરાહનીય કામગીરી ડુંગર પો.સ્ટેના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સશ્રી.આર.એચ.રતન, વનરાજભાઈ ધાખડા, ભવદીપભાઈ વાળા, જયદિપભાઈ ધાખડા, કનુભાઈ મોભ, મધુભાઈ ભેરડા પ્રતાપભાઈ બોરીચા, અજયભાઈ વાઘેલા, મહેશભાઈ બારૈયા તથા ડુંગર પોલીસ ટીમે કરી હતી.

### વાહ કયા સીન હૈ



**ચૈતન્ય**

રાજુલાના વિપુલભાઈ લહેરીના વાહલા ચૈતન્યનો આજે જન્મદિવસ છે. ૧૦ વર્ષ પુરા કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ નિમિતે કેક ખવડાવી જન્મદિન ઉજવશે.


શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ
પવિત્ર શ્રાવણ માસમાં અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

અમરેલીમાં મકાન વેચવાનું છે
અમરેલીના સુખનાથપરામાં
તાત્કાલિક કસમાં પોણા વસાનું
2BHK ટોટલ માર્બલ ફલોરવાળુ
Duplex મકાન ફિક્સ ફર્નિચર સાથે વેચવાનું છે
સંપર્ક : ડો. મિહીર ગણાત્રા
મો. ૭૦૧૬૮ ૫૬૧૬૮

સરકાર માન્ય
ચિરાગ સિક્યુરીટી સર્વિસ
આપના કારખાના વેપારના માધ્યમો ઓફિસો અને ફંકશન માટે સીક્યુરીટી ગાર્ડ માટે નિવૃત પોલીસ અધિકારીના માર્ગદર્શન નીચે તૈયાર થયેલ શિસ્ત બધ્ધ અને તાલીમ પામેલ
સંપર્ક : લક્ષ્મણભાઇ બગડા (નિવૃત પોલીસ અધિકારી)
મો.૯૯૭૯૩ ૫૫૯૫૫

ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
A/C તથા NON A/C
ગાડી ભાડે મેળવવા માટે
વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ
મારૂતી અર્ટીગા (૭ સીટર)
મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦
લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

જય માતાજી
પેસ્ટ કંટ્રોલ સર્વિસ
10
નિયંત્રણ
ઉધઇ
ફક ઇમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે
ઉધઇ ટ્રીટમેન્ટ - હાઇટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઇ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું
અજયભાઇ : ૬૩૫૪૮૬૩૫૭૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

## જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠાધીશ્વર ગૌસ્વામીશ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનાં વહુજી નિત્ય લીલામા પધારતા

# અમરેલીમાં અ. સૌ. વંદના વહુજીને ભાવાંજલી અર્પણ

**અમરેલી ખાતે યોજાયેલી ભાવાંજલી સભામાં અમર ડેરીનાં ચેરમેનશ્રી અશ્વિન સાવલીયા, શ્રી રમેશભાઇ ધડુક, શ્રી રાજેન્દ્રસિંહ રાણા, સાંસદ શ્રી ભરત સુતરીયા સહિતની ઉપસ્થિતિ**

**વૈષ્ણવોએ ઉપસ્થિત રહી અ.સૌ. શ્રી વંદના વહુજીને ભાવાંજલી અર્પણ કરી સંસ્મરણો યાદ કર્યા : પુષ્ટિમાર્ગીય દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ શ્રી ગોવર્ધનનાથજી હવેલી ટ્રસ્ટનું આયોજન**

**હવેલીમાં ઠાકોરજી સાથે બાવાશ્રી બિરાજમાન છે તેમના આશિર્વાદ બધા માથે ઉતરે તેમ જણાવી શ્રી અશ્વિન સાવલીયાએ ભાવાંજલી અર્પણ કરી**

અમરેલી, જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠાધીશ્વર ગૌસ્વામીશ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનાં વહુજી અ.સૌ.શ્રી વંદના વહુજી તા.૧૦ને શનિવારે નિત્યલીલામાં પધારતા તા.૨૨-૮-૨૪ ગુરૂવારે સાંજે લેઉવા પટેલ વાડી, ગજેરાપરા અમરેલી ખાતે ભાવાંજલી સભા યોજાઇ હતી. આ ભાવાંજલી સભામાં પુર્વ સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, પુર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહ રાણા, અમરેલી જિલ્લા દુધ સંઘનાં ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા, અમરેલીનાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા સહિતનાં અનેક આગેવાનો અને વૈષ્ણવોએ ઉપસ્થિત રહી ભાવાંજલી અર્પણ કરી હતી.

ભાવાંજલી સભામાં વિરાટ સંખ્યામાં વૈષ્ણવો એ ઉપસ્થિત રહી ભાવાંજલી અર્પણ કરી હતી.

હવેલીમાં ઠાકોરજી સાથે બાવાશ્રી બિરાજમાન છે તેમના આશિર્વાદ બધા માથે ઉતરે તેમ જણાવી શ્રી અશ્વિન સાવલીયાએ ભાવાંજલી અર્પણ કરી હતી. શ્રી પુષ્ટિમાર્ગીય દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ અમરેલી તથા શ્રી ગોવર્ધનનાથજી હવેલી ટ્રસ્ટ અમરેલી યોજીત ભાવાંજલી સભામાં ગો.શ્રી દ્વારકેશલાલજી, ગો.શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રી તેમજ ગો.શ્રી અનુગ્રહકુમારજી મહોદય સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

### ભાવનગર સોમનાથ નેશનલ હાઇવે પર

# ટીંબી નજીક કારનાં ચાલકે અકસ્માત સર્જતા ત્રણ ગાયોનાં મોત થયાં : કારચાલકનો બચાવ

**અમરેલી જિલ્લામાં જાહેર માર્ગો ઉપર રેઢિયાર પશુઓના અડ્ડા દૂર કરવામાં તંત્ર નિષ્ફળ**



રાજુલા, (જયદેવ વરૂ)

અમરેલી જિલ્લામાં જાહેર માર્ગો ઉપર રેઢિયાર પશુઓના રીતસર અડિંગા બની ગયા છે જેના કારણે અવાર નવાર અકસ્માતોના બનાવો વધી રહ્યા છે વાહન ચાલકોને પશુઓ સાથે અકસ્માતના બનાવો વધી રહ્યા છે આજે વધુ એક ઘટના સામે આવી છે રાજુલા જાફરાબાદ પંથકમાંથી પસાર થતા ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર જાફરાબાદ તાલુકાના ટીંબી ગામ નજીક કાર ચાલક આવતા બાજુના ખેતર માંથી પશુઢોર નું ટોળું હાઈવે ઉપર ઓચિંતા આવી જતા અકસ્માત સર્જાયો કારનો કચ્ચરઘાણ નીકળી ગયો અને કારમાં સવાર ૩ વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો આ ઘટનામાં ૩ રેઢિયાર પશુ ગાયના મોત નિપજ્યા છે ઘટનાની જાણ થતા નાગેશ્રી પોલીસ ઘટના સ્થળે દોડી પશુ અંગે તપાસ હાથ ધરતા આ રેઢિયાર પશુઓ હોવાની માહિતી મળી રહી છે.

અગાવ ૧૦ દિવસ પહેલા જાફરાબાદના હેમાળ ગામ નજીક રાત્રીના સમયે કાર અને ગાય વચ્ચે અકસ્માત થતા ૩ ગાયના મોત અને કાર ચાલક ડ્રાયવર નું અકસ્માતમાં મોત નીપજ્યું હતુ આજે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે.

ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર રેઢિયાર ઓ જાફરાબાદ તાલુકાના ટીંબી ગામથી રાજુલા તાલુકાના હિંડોરણા, છતડિયા, વિકટર અને દાતરડી સુધી પશુઓ રસ્તા વચ્ચે વધુ જોવા મળી રહ્યા છે.

### જન્માષ્ટમીના પાવન પર્વ નિમિતે

# અમરેલીમાં આજે સિનિયર સીટીઝન પાર્કમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ ફલોટનો પ્રારંભ કરાશે

**આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ, ડિસ્ટ્રીકટ ચેમ્બર અને સંસ્થાઓનું આયોજન**

અમરેલી, આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ તથા અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સિનિયર સીટીઝન પાર્ક ખાતે આજે તા.૨૩ શુક્રવારે સવારે ૧૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ફલોટનો પ્રારંભ કરાશે. આ કાર્યક્રમ માટે અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર, કરીયાણા એસોસીએશન, નિવા ગ્રીન એગ્રો મોટા બસસ્ટેન્ડ વેપારી એસો., ઈન્દીરા શોપીંગ સેન્ટર વેપારી એસો, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તૈયારીઓ થઈ રહી છે.

### વિજળીના કડાકા ભડાકા સાથે

# ખાંભા ગીર પંથકના ગામોમાં ધોધમાર વરસાદ

**આંબલીયાળા, જામકા, દલડી, સાળવા, ધુંધવાણા, ચક્રાવા, પચપચીયા, કંટાળામાં વરસાદથી માલણમાં પુર આવ્યું**

અમરેલી, વિજળીના કડાકા ભડાકા સાથે ખાંભા ગીર પંથકના ગામોમાં ધોધમાર વરસાદ પડયો હતો ખાંભાના આંબલીયાળા, જામકા, દલડી, સાળવા, ધુંધવાણા, ચકરાવા, પચપચિયા કંટાળા સહિત ના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદને કારણે નદી નાળા વહેતા થયા હતા પચપચિયા અને આંબલીયાળાં ગામની માલણ નદીમાં પુર આવ્યુ હતુ. ઊભા પાક પર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશી નો માહોલ સર્જાયો હતો.

### ગુજકોસ્ટ ગાંધીનગર અને લોક વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના સંયુક્ત ઉપક્રમે

# ધારી દામાણી હાઇસ્કૂલના ૫૦ વિદ્યાર્થીઓએ રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી

**૫૦ વિદ્યાર્થીઓએ સાયન્સ સેન્ટર રાજકોટનો લાભ લીધો**



ધારી, (ઉદય ચોલેરા) ગુજકોસ્ટ ગાંધીનગર અને લોક વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના સંયુક્ત ઉપક્રમે ધારીની શ્રી જી.એન.દામાણી હાઈસ્કુલ ૫૦ વિદ્યાર્થીઓને ગુજરાતના સુખ્યાત રિજિયોનલ સાયન્સ સેન્ટર રાજકોટની એકદિવસીય મુલાકાત માટે પસંદગી કરી જેનો લાભ શાળાના બાળકોને લીધો.એકદમ નિશુલ્ક મુલાકાત કરીને વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતથી ખૂબ ખુશ થયા.ડાયરેકટર નિલેશભાઈ પાઠક દ્વારા આ સુવિધાનો લાભ બાળકોને આપ્યો એ બદલ શાળાના પ્રિન્સીપાલ શ્રી માનસિંહ બારડ દ્વારા શાળા પરિવાર વતી આભાર કર્યો.શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી પાર્થભાઈ અને મંજુલાબેન પરમાર વિદ્યાર્થીઓ સાથે રાજકોટ મુલાકાતે ગયા હતા.સમગ્ર દિવસ દરમ્યાન ફિકસ શેડ્યુલમાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શન,વિજ્ઞાનની એકટીવિટી નો લાભ લઈ ધન્યતા અનુભવી.આ તકે શાળાના પ્રમુખ અને સરપંચ શ્રી ભુપતભાઈ વાળા તેમજ ગ્રામ પંચાયત ટીમ ધારીએ સૌને અભિનંદન પાઠવ્યા હતાં.

# વિદેશમાં ગયેલ પોલીસ અધિકારીઓ કર્મીની તપાસ કરાશે

અમદાવાદ,રાજ્યમાં કેટલાક શિક્ષકો લાંબી રજાઓ લઈને વિદેશમાં વસવાટ કરતા હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા બાદ આરોગ્ય વિભાગમાં પણ કેટલાક કર્મચારીઓ લાંબી રજાઓ ભોગવતા હોવાના કિસ્સા ધ્યાન પર આવ્યા હતા. ત્યારે રાજ્ય સરકારે તમામ વિભાગોને લાંબી રજા ભોગવતા કર્મચારીઓની તપાસ કરવાના આદેશ અપાયા હતા દરમિયાન ડીજીપી કચેરી દ્વારા પણ કમિશનર અને એસપી કચેરી પાસે પણ પોલીસ કર્મચારીઓની લાંબી રજાઓની વિગતો માગવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યના સરકારી સ્કુલોમાં નોકરી કરતા શિક્ષકો ચાલુ નોકરીએ વિદેશ પ્રવાસે ગયા હોવાની ઘટનાથી સફાળી જાગેલી સરકારે તમામ વિભાગો પાસેથી લાંબી રજા ઉપર તેમજ વિદેશ ગયેલા સરકારી બાબુઓની માહિતી મંગાવી છે.

# બગસરાના શિક્ષકોને ફ્લડની કામગીરી આપવામાં આવતા વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર થવા શક્યતા

**શિક્ષકો ફરજ પર હોવા છતા શાળામાં જઇ શકતા નથી**

બગસરા, (સમીર વિરાણી) બગસરા મામલતદાર કચેરી દ્વારા ફ્લડની કામગીરીમાં શિક્ષકોને પણ કામગીરી આપવામાં આવતા વિદ્યાર્થીના શિક્ષણ પર અસર થઈ રહી છે. જેને લીધે બગસરા પાલિકા સહિત શિક્ષક સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ચોમાસાની તુમાં મામલતદાર કચેરી દ્વારા કંટ્રોલ ની કામગીરી શરૂ કરવામાં આવે છે જેમાં કોલેજથી લઈ માધ્યમિક તેમજ પ્રાથમિક સુધીના શિક્ષકોને કામગીરી આપવામાં આવેલ છે. આ કામગીરી પર રહેલા શિક્ષકો ફરજ પર હોવાથી શાળામાં જઈ શકતા નથી, જેને લીધે શાળામાં શિક્ષકની ગેરહાજરીને લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર થઈ રહી છે. આ બાબતે બગસરા નગરપાલિકા તથા બગસરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા બગસરા મામલતદારને રજૂઆત કરવામાં આવેલ છે. સમગ્ર ચોમાસા દરમિયાન આ કામગીરી શરૂ રહેતી હોવાથી શિક્ષણના વધુ દિવસો નો ભોગ લેવાય છે. આ બાબતે બગસરા પ્રાંત અધિકારી દ્વારા નવા હુકમોમાં શિક્ષકોને મુક્તિ આપવામાં આવશે તેવું જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ફલડની કામગીરી માટે સરકાર દ્વારા એક નાયબ મામલતદાર તથા કરારા આધારિત એક પટાવાળાની સમગ્ર ચોમાસા માટે નિમણૂક આપવામાં આવેલ હોય છે.

# વારાહસ્વરૂપ પ્રા. શાળામાં જન્માષ્ટમી ઉત્સવ યોજાયો



અમરેલી, જાફરાબાદ તાલુકાની શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વની આનંદ ભેર ઉજવણી કરવામાં આવી હતી.તેમાં કૃષ્ણ જન્મોત્સવ, મટકીફોડ, કૃષ્ણ રાસલીલા, ભગવાન શ્રી કૃષ્ણના ભક્તિ ગીતો તથા વક્તવ્ય જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાળકોમાં અને શાળા પરિવારમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી કિશનભાઈ ડોડીયા દ્વારા પર્વને અનુરૂપ પ્રેરણાત્મક ઉદ્બોધન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન શાળાના શિક્ષીકા બહેનશ્રી વિલાસબેન તથા શિક્ષકશ્રી મુકેશભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજુલામાં બાળકને કૃત્રિમ શ્વાસ આપી જીવ બચાવ્યો

**ઇમરજન્સી ૧૦૮ ની ટીમે એમ્બ્યુલન્સમાં મહિલાને પ્રસુતિ કરાવી**



રાજુલા,

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઇ.એમ.આર.આઇ.ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા સંચાલિત અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની ૧૦૮ એમ્બ્યુલન્સ ને ગત રાત્રે ૦૯:૧૯ કલાકે એક ચાંચ બંદર ગામનો કેસ મળ્યો હતો કેસ મળતાની સાથે જ રાજુલા ૧૦૮ ની ટીમ તુરંત સ્થળ પર જવા રવાના થઈ સ્થળ પર પહોંચી તપાસ કરતા જાણવા મળ્યું કે એક સગર્ભા માતા ને પ્રસુતિની અસહ્ય પીડા હતી અને તે માતા એ પોતાના જ ઘરે એક નવજાત શિશુને હમણાં જ જન્મ આપ્યો હતો પરંતુ જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે બાળક સામાન્ય રીતે રડતું હોય છે પરંતુ આ બાળક રડતું ન હતું તેમજ તેના જે હદય ના ધબકારા હતા એ પણ ખૂબ જ ઓછા હતા જેથી ઈએમટી પ્રવીણ બામણીયા દ્વારા બાળકને તુરંત લઈ અને તેની સારવાર આપવાની ચાલુ કરી હતી જે અંતર્ગત નવજાત શિશુને હદય ના ધબકારા ઓછા હતા એટલે ભ્ભઁઈ એટલે કે છાતી પર દબાણ અને કુત્રિમ શ્વાસ આપીને બાળકનો જીવ બચાવ્યો હતો.

તેમજ પ્રસુતી બાદ માતાની હાલત પણ નબળી હોય જે થી ૧૦૮ કોલ સેન્ટર પર ઊપસ્થિત ઉપરી ડોકટર સાથે વાતચીત કરી અને એમની સૂચના મુજબ જરૂરી ઈન્જેકશન અને બોટલ ચડાવવામાં આવ્યા હતા આમ, ઇ.એમ. ટી. પ્રવીણ બાંભણિયા અને પાઈલોટ ગિરીશ સોંદરવા દ્વારા યોગ્ય સમયસૂચકતા વાપરી અને પોતાની સૂજબુજ થી નવજાત બાળક અને માતા ને સમયસર યોગ્ય સારવાર આપી જીવ બચાવવામાં આવ્યો હતો અને દર્દીના સગા દ્વારા પણ ૧૦૮ ટીમ અને એમની સેવાનો આભાર માન્યો હતો.અતી જોખમી માતાને રાજુલા થી અમરેલી દરમિયાન રસ્તા માંજ ૧૦૮ એમ્બ્યુલન્સ ઊભી રાખી એમ્બ્યુલન્સ ની અંદરજ પ્રસુતી કરાવાઈ અતિ જોખમી સગર્ભા માતા જેને સિકલસેલ એનેમિયા હોય એટલે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે પ્રસુતિ કરાવી પડે તેમ હતી.જ્યારે બીજા દિવસે સવારે એટલે કે ૦૯:૩૬ કલાકે રાજુલા સરકારી હોસ્પિટલ દ્વારા એક અતિ જોખમી સગર્ભા માતાને કે જેને સિકલસેલ પોઝિટિવ હતું અને અતિ જોખમી હોવાને લીધે તેને અમરેલી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવું જરૂરી હતું તેમજ તેમની ત્યાં ડીલેવરી થવી એ પણ જરૂરી હતી જે અંતર્ગત રાજુલા સરકારી હોસ્પિટલ દ્વારા આ દર્દીને રાજુલા થી અમરેલી સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યું હતો.

જેથી રાજુલા ૧૦૮ ની ટીમ દ્વારા એ સગર્ભા માતાને લઈ અને અમરેલી જવા માટે નીકળી ગયા હતા પરંતુ એ દરમિયાન રસ્તામાં જ ગોખરવાળા ગામ નજીક એમ્બ્યુલન્સ ની અંદર જ સગર્ભા માતાને પ્રસૂતિ ની અસહ્ય પીડા થતા રસ્તામાં એમ્બ્યુલન્સ ઉભી રાખી અને ઇ.એમ.ટી. સોહીલ જાડેજા દ્વારા એમ્બ્યુલન્સ ની અંદર જ ડીલેવરી કરાવવાની ફરજ પડી હતી.

જેથી ઈએમટી સોહીલ જાડેજા અને પાયલોટ મેહુલ બારોટ એ યોગ્ય સુજબુઝ થી માતાની સફળ ડીલેવરી એમ્બ્યુલન્સ ની અંદરજ કરાવી હતી ત્યાર બાદ ઈએમટી સોહીલ જાડેજા દ્વારા ૧૦૮ કોલ સેન્ટર પર ઉપસ્થિત ઉપરી ડોક્ટર સાથે વાતચીત કરી અને આગળની જરૂરી સારવાર અર્થે ડોક્ટરની સૂચના મુજબ માતાને જરૂરી ઈન્જેક્શન તેમ જ બોટલ ચડાવવામાં આવી હતી અને નવજાત શિશુ ને રૂટિન સારવાર આપી હતી ત્યારે બાદ પાયલોટ મેહુલ બારોટ દ્વારા સમય સૂચકતા વાપરી અને બાળક અને માતાને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

આમ રાજુલા ૧૦૮ ની ટીમ દ્વારા ગત બે દિવસોમાં ચાર જિંદગીઓ બચાવવામાં સફળતા મળી હતી તેમજ આવી સરાહનિય કામગીરી બદલ તેમના ઉપરી અધિકારીઓ દ્વારા પણ તેમને આવી ઉત્તમ કામગીરી માટે બિરદાવવામાં આવ્યા હતા.












## લાઠી નગરસેવા સદન લાઠી, જિ.અમરેલી
## જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)

આથી લાઠી નગરપાલીકા લાઠી જિ.અમરેલીને મંજુર થયેલ સ્વચ્છ ભારત મિશન - ૨.૦ વર્ષ -૨૦૨૪/૨૫ યોજના અંતર્ગતની ગ્રાંન્ટમાંથી નીચે જણાવેલ કામો કરાવવા માટે સરકારમાન્ય રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ :-

(૧) લાઠી શહેરમાં ભીના તથા સુકા કચરાના પ્રોસેસીંગ પ્લાન્ટ બનાવવાનું કામ.

| | |
|---|---|
| અંદાજીત રૂા.<br>(૧) ૨૯.૯૩ લાખ | મુદત-<br>(૧) ૧૨ - માસ |
| ઈ.એમ.ડી - રૂા .:-<br>(૧) ૨૯૯૩૦ /- | ટેન્ડર ફી રૂા .:-<br>(૧) ૧૫૦૦ /- |
| વેબ સાઈટનું નામ | www.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની શરૂ થવાની તારીખ | ૨૮/૦૮/૨૦૨૪ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ | ૧૦/૦૯/૨૦૨૪ |
| ટેન્ડર ફી,ઈ.એમ.ડી.તથા જરૂરી ડોકયુમેન્ટ પહોંચતા કરવાની તારીખ,સમય તથા સરનામું | ૧૪/૦૯/૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી નગરપાલીકા લાઠી જી.અમરેલી |
| ટેન્ડર ખોલવાની તારીખ | ૧૭/૦૯/૨૦૨૪ |

(એન.ડી.વોરા)
ચીફ ઓફીસર
નગરપાલીકા લાઠી

(એમ.સી.રાજયગુરૂ)
વહીવટદાર
નગરપાલીકા લાઠી

જિ/માહિ/અમરે/૨૧૮/૨૪

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૩-૦૮-૨૦૨૪ શુક્રવાર

# બદલાપુરની શાળાની ઘટના અંગે દેશના રાજનેતાઓએ મૌન રહેવું અનુચિત છે

કોલકાતામાં ટ્રેઈની ડોક્ટરના રેપ-મર્ડરની ઘટનાએ દેશભરનાં લોકોને ખળભળાવી મૂક્યાં છે ત્યાં મહારાષ્ટ્રના થાણેના બદલાપુરની એક શાળામાં બનેલી ઘટનાએ સૌને હતપ્રભ કરી નાંખ્યાં છે. માત્ર ૩-૪ વર્ષની બે છોકરીઓને હવસનો શિકાર બનાવનાર તો માનસિક વિકૃત કહેવાય જ પણ પોલીસ અને નેતાઓ પણ આ ઘટનામાં સાવ અસંવેદનશીલ બનીને વર્તી રહ્યાં છે એ જોઈને વધારે આઘાત લાગે છે.

આ કલંકિત ઘટનામાં બદલાપુરની સ્કૂલમાં ૩ અને ૪ વર્ષની બે સાવ નિર્દોષ બાળકીઓનું યૌનશોષણ કરાયું અને આ કાળાં કામ સ્કૂલના બાથરૂમમાં થયાં. અંગ્રેજી મીડિયમની સ્કૂલમાં ભણતી બંને છોકરીઓ હજુ નર્સરીમાં ભણે છે. બંને છોકરીઓ બાથરૂમમાં ગઈ હતી ત્યારે તેમની સાથે ખરેખર કોઈ મહિલા એટેન્ડન્ટ કે ટીચરે જવાની જરૂર હતી. તેના બદલે બંને છોકરીઓને એકલી મોકલાઈ અને તેનો લાભ લઈને ૨૩ વર્ષીય અક્ષય શિંદે નામના આરોપીએ શાળાના બાથરૂમમાં છોકરીઓનું યૌનશોષણ કર્યું.

સ્કૂલના કારભારીઓને આ વાતની ખબર પડી તો તેમણે વાતને દબાવીને છોકરીઓ ઘરે મોકલી દીધી ને કંઈ ન બન્યું હોય એમ વર્તવા માંડ્યા. છોકરીઓએ ઘરે જઈને વાત કરી પછી તેમનો પરિવાર ફરિયાદ નોંધાવવા ગયો તો પોલીસે તેમની વાત સાંભળી નહીં. પોલીસે છોકરીઓનાં માતા-પિતાને ૧૧ કલાક લગી બેસાડી રાખ્યાં. પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં ૧૨ કલાક લગાડી દેવાયા. પોલીસે ફરિયાદ પણ લોકો ભડકેલાં છે એ જોયા પછી લીધી.

‘આ ઘટનાની વાત આવતાં ભડકેલાં લોકોએ પહેલા શાળામાં તોડફોડ કરી અને પછી બદલાપુર રેલવે સ્ટેશન પર ટ્રેનો રોકીને આક્રોશ વ્યક્ત કર્યો. હજારો લોકો પાટા પર ગોઠવાઈ જતાં લોકલ ટ્રેનોની અવરજવર બંધ થઈ ગઈ હતી. લોકોના વિરોધને કારણે કલ્યાણ-બદલાપુર લોકલ ટ્રેન સેવા ઠપ થઈ ગઈ. પોલીસે ભીડને રોકવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા તો સામે લોકોએ પથ્થરમારો શરૂ કરતાં રેલવે સ્ટેશન રણમેદાનમાં ફેરવાઈ ગયેલું. લોકોએ પોલીસને દોડાવી દોડાવીને માર્યા તો સામે પોલીસે પણ દંડાવાળી કરીને લોકોને ઝૂડી નાખતાં અનેક લોકો ઘાયલ થયા છે. આઘાતની વાત એ છે કે, ભાજપના નેતા એવું કહી રહ્યા છે કે, બદલાપુર સ્ટેશને ભેગાં થયેલાં લોકો બદલાપુરનાં હતાં જ નહીં પણ બહારથી આવેલાં હતાં.

લોકોનો આક્રોશ જોઈને પોલીસને લાગ્યું કે, ફરિયાદ નહીં નોંધીએ તો લોકો આપણને પતાવી દેશે એટલે પોલીસે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધીને આરોપી અક્ષય શિંદેની ધરપકડ કરી છે. સ્કૂલ આવેલી છે એ વિસ્તારનાં મહિલા નિરીક્ષક શુભદા શિતોલેની બદલી કરી દવામાં આવી છે. શાળાના આચાર્ય, વર્ગ શિક્ષક અને એક મહિલા કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે અને માતા-પિતાને બેસાડી રાખનારા ત્રણ પોલીસોને પણ સસ્પેન્ડ કરી દેવાયા છે. મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકાર પણ સફાળી જાગી છે અને આ કેસની તપાસ માટે સીટની રચના કરવામાં આવી છે. આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા માટે પણ કહેવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રની ઘટના એક તરફ યુવકોમાં વધી રહેલી વિકૃત્તિઓનો ગંભીર કિસ્સો છે તો બીજી તરફ મહિલાઓની સુરક્ષાની સમસ્યા કેટલી ગંભીર છે એ તરફ ફરી એક વાર આપણું ધ્યાન દોરનારી છે. કોલકાત્તામાં હોસ્પિટલ જેવા જાહેર સ્થળે ડોક્ટર દીકરીને હવસનો શિકાર બનાવીને મારી નંખાઈ ને બદલાપુરમાં તો ચાર વર્ષની છોકરીઓને સ્કૂલમાં હવસનો ભોગ બનાવાઈ. મતલબ કે, ગમે ત્યાં ગમે તે બની શકે છે. જાહેર સ્થળો પર જ સલામતી ના હોય ને સ્કૂલ સલામત ન હોય તો પછી દીકરીઓની સલામતી ને સુરક્ષા કઈ રીતે કરી શકીશું એ સવાલ શૂળની જેમ ભોંકાઈ રહ્યો છે.

આ બંને ઘટનાઓ દેશમાં ચિંતાજનક માહોલ બની રહ્યો છે તેનો સંકેત છે. આપણે સંસ્કાર ને સંસ્કૃતિની દુહાઈઓ આપ્યા કરીએ છીએ ને દેશમાં વિકૃતિની ચરમસીમા જેવી ઘટનાઓ બની રહે છે એ જોઈને શું કરવું એ જ ના સમજાય એવો માહોલ છે.

કોલકાત્તામાં બનેલી ટ્રેઈની ડોક્ટર યુવતી પર બળાત્કાર ગુજારીને હત્યા કરી દેવાઈ એ ઘટનાનો આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી કરેલા ભાષણમાં ઉલ્લેખ કરેલો. સ્વાતંત્ર્ય દિને રાષ્ટ્રને કરેલા સંબોધનમાં મોદીએ હુંકાર કરેલો કે, બળાત્કાર ગુજારનારાંને એવી આકરી સજા કરવી જોઈએ કે બળાત્કારનો વિચાર કરનારા પણ થથરી જાય. બળાત્કારીઓને તો ફાંસીએ લટકાવી દેવા જોઈએ.

મહારાષ્ટ્રના બદલાપુરમાં બનેલી ઘટના કોલકાત્તાની ઘટના જેટલી જ આઘાતજનક અને શરમજનક છે. કોલકાત્તામાં ભાજપ વિરોધી મમતા બેનરજીની સરકાર છે ને મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના-એનસીપીની સરકાર છે તેથી કંઈ કહેવાય નહીં. કોલકાત્તાની ઘટનાનો લાલ કિલ્લા પર ઊભા રહીને ઉલ્લેખ કરનારા મોદી અત્યાર સુધી તો બદલાપુરની ઘટના વિશે બોલ્યા નથી પણ આશા રાખીએ કે, આ ઘટનાની પણ એ ટીકા કરે. આ ઘટનામાં ભોગ બનેલી બે નિર્દોષ બાળકીઓ અને તેમના પરિવાર માટે પણ મોદી સહાનુભૂતિના બે શબ્દો ઉચ્ચારે. મોદી ખાલી ભાજપ શાસિત રાજ્યોના નહીં પણ આખા દેશના વડાપ્રધાન છે એ જોતાં રાજકારણી તરીકે વર્તવાના બદલે એ દેશના વડા પ્રધાન તરીકે વર્તે એવી આશા વધારે પડતી નથી જ ને?

મોદીએ બળાત્કારીઓને ફાંસીએ લટકાવી દેવાનો હુંકાર પણ કરેલો. કોલકાત્તાની ઘટનામાં સીબીઆઈ તપાસ કરી રહી છે. સીબીઆઈ કેન્દ્ર સરકારની એજન્સી છે તેથી કોલકાત્તાની ઘટનાના આરોપીઓને ફાંસીની સજા કરાવવા સીબીઆઈ સુપ્રીમ કોર્ટ લગી લડી લેશે એવી પણ આશા છે. મહારાષ્ટ્રમાં તો તેમની પાર્ટીની જ સરકાર છે તેથી સીબીઆઈની તપાસની જરૂર નથી, સ્થાનિક પોલીસ જ તપાસ કરશે ને સ્થાનિક પોલીસ પણ આરોપીઓને ફાંસીની સજા કરાવવા સીબીઆઈ સુપ્રીમ કોર્ટ લગી લડી લેશે એવી આશા વધારે પડતી નથી જ.

મોદી માટે કોલકાત્તા અને બદલાપુર બંને ટેસ્ટ કેસ છે. મોદીએ લાલ કિલ્લા પર ઊભા રહીને આક્રોશ વ્યક્ત કરી લીધો, હવે એક્શનનો ટાઈમ છે. આશા રાખીએ કે, મોદી એક્શનમાં આવે ને સાબિત કરે કે, પોતે ખાલી બોલવામાં જ શૂરા નથી.

### એક અજાણી મહિલા અને પુરૂષ બન્નેએ ખોટી ઓળખ આપી

# મોટા આંકડીયામાં બંટી બબલી ચાંદીનો ચેઇન લઇ ફરાર

## શેઠના બહેનની ઓળખાણ આપી ચેઇન જોવા માંગી લઇ જઇ નાસી ગયાની અમરેલી રૂરલ પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે જીજ્ઞેશભાઈ વઘાસીયાની વાડીએ મંજુબેન આલમસિંગ પસાયા ઉ.વ.૧૯ મુળ એમપી હાલ મોટા આંકડીયા વાડીમાં કામ કરતાં પોતાના પતિ માટે ભાત લઈને જતાં હતાં ત્યારે બાઈક ઉપર એક અજાણ્યો શખ્સ અને મહિલા આવેલ અને મહિલાએ મંજુબેનના શેઠ જીજ્ઞેશભાઈ વઘાસીયાના બહેન હોવાની ખોટી ઓળખ આપી જીજ્ઞેશભાઈએ ઘી મોકલાવેલ છે.

તે બહાને મંજુબેનને ઓરડીએ જઈ અજાણી મહિલાએ ગળામાં પહેરલ ચાંદીનો ચેઈન જોવા માંગેલ તે ચેઈન જોવા આપતાં અજાણી મહિલાએ પોતાના ગળામાં પહેરી લઈ શેઠ જીજ્ઞેશભાઈએ સાતમ આઠમમાં પહેરાંવા મંજુબેન પાસેથી લઈ લેવાનુ કહેલ છે તેમ કહી ચાંદીનો ચેઈન રૂા.૬ હજારની કિંમતનો લઈ અજાણી મહિલા અને પુરૂષ બાઈક લઈ નાસી ગયાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### બાઇક સાથે ફોરવ્હીલ ભટકાવી

# નડાળાના પાદરમાં રાણપરના યુવાનને ધમકી

## સોલારનો સિક્યુરીટી કોન્ટ્રાકટ મુકી દેવા ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

બાબરા તાલુકાના નડાળા ગામના પાદરમાં રાણપર ગામના રણજીતભાઈ લક્ષ્મણભાઈ સોલંકી બાઈક લઈ વાડીએ જતાં હતાં ત્યારે સામેથી સફેદ કલરની ફોરવ્હીલના ચાલકે પુર ઝડપે બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી પગમાં ઈજા કરી ફોરવ્હીલમાંથી નીચે ઉતરી કહેલ તમે અમારી સામે કેમ આવો છો તેમ કહીં ગાળો બોલી રઘુ હમીરભાઈ વાળાએ હાથમાં ધરી લઈ શત્રપાલ ધીરૂભાઈ વાળા રહે. બાબરા વાળાએ પાઈપ લઈ આવી બાઈક પર એક ઘા મારી કહેલ કે તમો સોલાર સિક્યુરીટીનો કોન્ટ્રાકટ મુકી દેજો તેવું જણાવી ધમકી આપતાં આ સમયે ત્યાં માણસો ભેગા થઈ જતાં નાસી ગયાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ

# અમરેલી જિલ્લામાં કમોતના વધુ બે બનાવો

## સરસીયામાં પ્રૌઢનું ઝેરી દવા પી જતાં તેમજ કુબડામાં યુવાનનું કુવામાં પડી જતાં મોત

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ દિન પ્રતિદિન કમોતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ધારી તાલુકાના સરસીયા ગામે કરશભાઈ ભીમાભાઈ મકવાણા ઉ.વ.૫૬ પોતે એકલા રહેતાં હોય અને જીંદગીથી કંટાળી જઈ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું રમેશભાઈ ભીમાભાઈ મકવાણાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં ધારી તાલુકાના કુબડા ગામે મુળ એમપીના હાલ દિનેશભાઈ કોટડીયાની વાડીએ લક્ષ્મણભાઈ ધુમસિંગભાઈ અમલીયાર ઉ.વ.૧૯ પોતે ઉઠીને લઘુશંકા કરવા જતો હતો ત્યારે કુવામાં પગ લપસી જતાં ડુબી જવાથી મોત નિપજયાનું માનસિંગ મુતરાભાઈ ઉર્ફે મોતિસીંગ મુતરીયા અમલીયારે ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

### રસ્તામાંથી ફોરવ્હીલ સાઇડમાં પાર્ક કરવાનું કહેતાં

# લોઠપુરમાં યુવાન ઉપર જીવલેણ હુમલો

## માથામાં કુહાડીનો જીવલેણ ઘા મારી હાથે ફેકચર કરી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે રહેતાં લાલુભાઈ ઉજાડભાઈ ભુવા લોઠપુર કોવાયા તરફ જવાના રસ્તે ચાલીને ધીરૂભાઈના પેટ્રોલપંપ તરફ જતાં હતાં ત્યારે ગુલ્લુ ઉર્ફે બકાભાઈ મહમદભાઈ બુકેરાની દુકાન પાસે પડેલ ફોરવ્હીલ રસ્તામાંથી સાઈડમાં પાર્ક કરવાનું કહેતાં સારૂ નહીં લાગતાં બોલાચાલી કરી ગાળો બોલી દુકાનમાં રાખેલ કુહાડી વડે મારી નાખવાના ઈરાદે માથામાં જીવલેણ ઘા મારી જમણા હાથે ફેકચર કરી અસરફ કાદરભાઈ દલે લાકડી વડે મારમારી સમીર ઉર્ફે અગદુ ગુલ્લુભાઈ, કાળુ ગુલ્લુભાઈ બુકેરાએ ઢીકાપાટુ વડે મુંઢમારમારી ધમકી આપી એકબીજાએ મદદગારી ગુનો કર્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલામાં યુવાન ઉપર હુમલો

## ત્રણ શખ્સોએ પાઇપ, લાકડી વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા શાકમાર્કેટમાં દયાળભાઈ ધનજીભાઈ સોલંકી ઉ.વ.૩૯ના પિતા પાસેથી દદુ સોલંકીના નાના દિકરાએ જુના કપડા વેચાતા રાખી પૈસા બાકી રાખેલ જે પૈસા માંગતાં મનદુ:ખ રાખી દયાળભાઈના ઘરે આવી પત્નિ તથા પિતાને ગાળો બોલી ગાળો બોલતાં દયાળભાઈ સમજાવવા જતાં ગાળો બોલી વિશાલ દદુભાઈ સોલંકીએ લાકડી વડે ગળાના ભાગે બે ઘા મારી સુનિલ હિંમતભાઈએ છત્રી રાખવાના પાઈપ વડે ડોકના ભાગે બે ઘા મારી ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### કાકાના દિકરાઓ સાથે બોલાચાલીનું મનદુ:ખ રાખી

# રાજુલાના ચાંચ ગામે યુવાન ઉપર જીવલેણ હુમલો

## છ શખ્સોએ તલાવર, પાઇપ વડે મારમારી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા તાલુકાના ચાંચ ગામે રહેતાં મહેશભાઈ ભનુભાઈ ધુંધરવા ઉ.વ.૩૬ના કાકાના દિકરા નિતેશ વજુભાઈ તથા કિશન ગોપાલભાઈ સાથે હસમુખ વિષ્ણુભાઈ ચૌહાણ રહે. ચાંચ અને ચિંતન બાબુભાઈ ગુજરીયા રહે. ખેરાવાળાને સામાન્ય બોલાચાલી થયેલ તેનું મનદુ:ખ રાખી હસમુખ, ચિંતન તથા ચાર અજાણ્યા શખ્સોએ ફોરવ્હીલ તથા બાઈકમાં આવી હસમુખ અને ચિંતનને તલાવર અને પાઈપ વડે કાકાના દિકરા પારસને માથામાં મારી ગંભીર ઈજા કરી અજયને મુંઢમારમારી મહેશભાઈને કપાળમાં ચિંતને તલાવરનો ઘા મારી ગંભીર ઈજા કરી હસમુખે લોખંડ પાઈપ વડે મુંઢ મારમારી ગાળો બોલી પતાવી દેવો છે તેવી ધમકી આપી જતા રહેલ ત્યારે પોતાની ફોરવ્હીલ પુર ઝડપે ચલાવી મહેશભાઈના કાકી ગંગાબેન હડફેટે લઈ શરીરે તેમજ માથામાં ઈજા કરી આગળ જઈ મામાના દિકરા જયદિપ સાગરભાઈને માથામાં અને શરીરે મુંઢ મારમારી નાસી જઈ એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલા અને સલડીમાં મોબાઇલ ચોરાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા એસટી ડેપોમાં અલ્પેશભાઈ રમેશભાઈ ધીંધવા મહુવાથી સાવરકુંડલા બસમાં આવતાં હતાં. ત્યારે ડેપોમાં આવતાં તેમને ખબર પડેલ કે શર્ટના ખીસામાં રાખેલ ઓપો કંપનીનો રૂા. ૧૨,૪૯૯ની કિંમતનો મોબાઈલ કોઈ નજર ચુકવી ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. લીલીયા તાલુકાના સલડી ગામે રહેતાં ધ્રુવિત રાજેશભાઈ સાંગાણીના રહેણાંક મકાનમાં દાદર ઉપર મુકેલ પોકો કંપનીનો મોબાઈલ રૂા.૧૨,૯૯૯ની કિંમતનો કોઈ ચોરી ગયાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વઢેરાથી કડિયાળી જવાના રસ્તે ટ્રેકટરે બાઇકને હડફેટે લેતાં પ્રૌઢનું મોત થયું

## બાઇક સાથે ભટકાવી નાની મોટી ગંભીર ઇજા કરી મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

જાફરાબાદ તાલુકાના વઢેરાથી કડિયાળી જતાં રોડ ઉપર નાગરભાઈ કુંભાભાઈ મકવાણા તા.૧૪-૭ના રાત્રીના ૯-૩૦ કલાકે પોતાનું સ્પ્લેન્ડર બાઈક જી જે ૧૪ એક્યુ ૩૭૧૯ લઈને વઢેરા સર્કલથી કડિયાળી ગામ તરફ આવતા હતાં. તે દરમિયાન વઢેરા ગોળાઈથી થોડે દુર સામેથી લખમણ બાંભણીયા રહે. જાફરાબાદ વાળો પોતાનું ટ્રેકટર જી જે ૧૪ એકે ૯૯૫૧ પુર ઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી નાગરભાઈને માથામાં અને શરીરે નાની મોટી ગંભીર ઈજા કરી સ્થળ ઉપર મોત નિપજાવી નાસી ગયાની લખમણભાઈ નાગારભાઈ મકવાણાએ જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠી નજીક અડતાળાની સીમમાં વાડીના મકાનમાં તસ્કરો ત્રાટકયા

## સોના ચાંદીના રૂા. ૭૬ હજાર ઉપરાંતના દાગીનાની ચોરી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

લાઠી તાલુકાના અડતાળા ગામની સીમમાં એપીના શ્રમિક રાજેશભાઈ સુખરામભાઈ વાવડા ઉ.વ.૧૯ વાડીએ આવેલ મકાનમાં કોઈ તસ્કરોએ તા.૧૪-૮થી ૧૭-૮ સુધીમાં સવારના ૧૦ વાગ્યા સુધીમાં મકાનના તાળા તોડી લાકડાના પટારામાં રાખેલ પત્નીના સોનાના ચાંદીના દાગીના રૂા. ૭૬,૯૪૫ની માલમતાની ચોરી કરી ગયાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં ઇંગલીશ અને દેશીદારૂના ત્રણ સ્થળોએ દરોડા

## જિલ્લામાં જુદા જદુા સ્થળોએથી બે વાહનચાલકો સહિત ૨૧ નસેડીઓ ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે દેશીદારૂનો એક સ્થળે દરોડો પાસે તેમજ ડુંગર અને સાવરકુંડલા પોલીસે બે સ્થળે ઈંગ્લીશ દારૂના દરોડાઓ પાડી મુદામાલ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતાં. જયારે જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી બે વાહનચાલકો સહિત ૨૧ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં સાવરકુંડલા, વંડા, લીલીયા, ચલાલા, ડુંગર, જાફરાબાદ, વડીયા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# અમરેલી લાઠી રોડે યુવાન ઉપર હુમલો

## ચાર શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી લાઠી રોડ ડિલકસ પાનના ગલ્લે વિનોદગીરી મનરૂપગીરી ગોસાઈનો દિકરો હાર્દ તા. ૧૪-૬ના પાનના ગલ્લે પોતાના મિત્રને મળવા ગયેલ ત્યારે અવિરત ધાધલે કહેલ કે તું શું કામ અમારી પર્શનલ વાતો બધાને કહે છે તેમ કહી ઝઘડો કરી અન્ય અજાણ્યા ત્રણ છોકરાઓએ એક સંપ કરી ગાળો બોલી મોઢા ઉપર લાફા મારી ધમકી આપ્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળે પોલીસે જુગારના દરોડા પાડયા

## ૯ શખ્સો રોકડ રૂા. ૨૨ હજારના મુદામાલ સાથે ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા બે સ્થળે જુગારના દરોડાઓ પાડી ૯ શખ્સોને જુગટુ રમતા રોકડ રૂા. ૨૨,૨૭૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં બાબરા મેઈન બજારમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતાં કાકુ રામભાઈ રાઠોડ, લાલજી બાલાભાઈ ગમારા, ગોપાલ દરજી, અરમાન મેતરને પો.કોન્સ. હસમુખભાઈ ચૌહાણે રોકડ રૂા. ૧૧,૬૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. રેઈડ દરમિયાન દેવા રતાભાઈ ગમારા અને સતિષ દરબાર નાસી છુટયા હતાં. સાવરકુંડલા તાલુકાના દેતડ ગામે તુલસી જયસુખભાઈ વાઘેલા, કેટા ભીમાભાઈ વાઘેલા, હિંમત છગનભાઈ વાઘેલા, રૂખડ મધુભાઈ વાઘેલા, ગીરધર ભીખાભાઈ વાઘેલાને અમરેલી એલસીબીના હે. કોન્સ. નિલેશભાઈ બાબરીયાએ રોકડ રૂા. ૧૦,૬૭૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

### ચલાલામાં યુવતિ ગુમ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ચલાલામાં રહેતી યુવતિ નોવેલ્ટીની દુકાનમાં નોકરી કરતી હોય તેમણે દુકાનના શેઠને મારા મમ્મીને મજા નથી તો હું અડધો કલાકમાં ઘરે જઈ આવું તેવું જણાવી જતી રહી ગુમ થયાનું યુવતિના ભાઈએ ચલાલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# અમદાવાદમાં પરિણતાને ત્રાસ અપાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમદાવાદમાં તૃષાબેન લક્ષ્મણભાઈ આકોલીયા ઉ.વ. ૨૯ને પતિ લક્ષ્મણભાઈ, સાસુ ગીતાબેન, સસરા જયસુખભાઈ, દિયર સંજયે લગ્ન બાદ પાંચેક વર્ષ સારી રીતે રાખી પતિ, સાસુ, સસરા તથા દિયરે નાની વાતોમાં ગાળો બોલી મેણા મારી ત્રાસ અપ્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલામાં હોન્ડા બાઇક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા જાફરાબાદ રોડ કોહીનુર હોટલ પાસે ખાચામાં પાર્ક કરેલ હિરો હોન્ડા જી જે ૧૪ એડી ૭૭૯૩ રૂા. ૫૦,૫૦૦ની કિંમતનું પંકજભાઈ ભાણાભાઈ પરમાર લઘુ શંકાએ જતાં કોઈએ તકનો લાભ લઈ ચોરી ગયાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૩.૮.૨૦૨૪ શુક્રવાર, સંવંત ૨૦૮૦ શ્રાવણ વદ રેવતી નક્ષત્ર, શૂલ યોગ, કૌલવ કરણ, આજે સાંજે ૭.૫૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે, નિર્ણયમાં ના કરવી.

વૃષભ (બ,વ,ઉ) : આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

મિથુન (ક,છ,ઘ) : વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.

કર્ક (ડ,હ) : આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.

સિંહ (મ,ટ) : વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.

કન્યા (પ,ઠ,ણ) : મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.

તુલા (ર,ત) : ઘણી નવી પરિસ્થિતિમાં થી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.

વૃશ્ચિક (ન,ય) વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો.

ધન (ધ,ભ,ફ,ઢ): પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજ માં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો.

મકર (ખ,જ) : તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.

કુંભ (ગ,સ,શ : પરિવાર માં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય, ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.

મીન (દ,ચ,ઝ,થ): ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૪૦ થી ૧૫૫૭ મગફળી ૮૫૦ થી ૧૧૯૯

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૯૦-૧૧૩૫
શિંગમોટી-૮૫૦-૧૧૯૯
શીંગફાડા-૧૦૩૦-૧૪૧૯
તલસફેદ-૧૬૮૫-૨૫૧૦
તલકાળા-૩૦૦૦-૩૫૩૭
રાય-૧૦૦૦-૧૧૫૦
ઘઉંટુકડા-૪૫૦-૬૦૨
ઘઉંલોકવન-૪૭૦-૫૭૧
મેથી-૯૪૫-૧૧૧૫
ચણા-૧૨૩૦-૧૪૮૫
કપાસ-૯૪૦-૧૫૫૭
જુવાર-૭૦૦-૭૭૭
જીરૂ-૩૦૦૦-૪૬૨૫
ધાણા-૧૦૦૦-૧૨૦૦
સોયાબીન-૭૮૬-૮૦૪
વટાણા-૫૦૦-૫૦૦
મગ-૧૨૯૬-૧૫૩૬
અજમા-૧૨૦૦-૨૬૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૨૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૬૦૦-૭૦૦
કોબીઝ-૫૮૦-૬૯૦
ટમેટાં-૬૦૦-૮૦૦
ફોદીનો-૭૫૦-૮૦૦
ગાજર-૫૦૦-૬૦૦
ગલકા-૧૫૦-૨૦૦
કાકડી-૨૦૦-૩૫૦
ગુવાર-૬૦૦-૭૦૦
દુધી-૨૨૦-૨૭૦
તુરીયા-૩૦૦-૪૦૦
ભીડો-૩૦૦-૪૦૦
આદુ-૧૧૫૦-૧૨૫૦
કોથમીર-૨૦૦-૫૦૦
મેથીભાજી-૫૦૦-૬૦૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૫૦૦-૭૫૦
લસણસુકું-૩૦૫૦-૪૦૫૦
લીંબુ-૧૪૦૦-૧૬૦૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૮૧-૫૧૪
મકાઈ-૪૮૦-૪૮૦
ઘઉં-૫૨૧-૫૮૦
જુવાર-૭૧૦-૮૪૦
મગ-૧૩૭૧-૧૩૭૧
તલસફેદ-૧૭૦૦-૨૪૦૦
સોયાબીન-૮૬૧-૮૧૪
કપાસ-૧૦૩૧-૧૫૫૧
મેથી-૧૧૦૧-૧૧૦૧
શીંગ-૯૦૦-૯૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૫૦-૬૩૭
ડુંગળીલાલ-૧૧૭-૭૩૨
ચણા-૧૧૨૫-૧૪૮૧
તલસફેદ-૧૫૫૦-૨૪૬૮
મગ-૧૪૭૯-૧૪૭૯
શીંગમગડી-
મેથી-૫૩૦-૧૦૮૫
નાળીયેર-૪૦૫-૧૮૬૦
અડદ-૧૬૭૦-૧૬૭૦
બાજરી-૪૪૪-૫૩૬
જુવાર-૪૦૪-૭૮૦
એરંડા-૧૧૦૭-૧૧૦૭

**બાબરા**
કપાસ-૧૪૫૦-૧૫૬૪
ઘઉં-૪૪૦-૫૮૮
તલસફેદ-૨૨૭૦-૨૩૩૦
જીરૂ-૪૦૦૦-૪૫૮૫
મગફળી-
બાજરો-

**ધારી**
ધાણા-
ચણા-૧૦૦૦-૧૪૩૧
તલ-૨૩૫૧-૨૩૫૧
એરંડા-૯૭૫-૧૧૫૦
ઘઉં-૫૦૧-૫૭૧
મગ-૯૫૭-૧૪૦૦
કપાસ-૧૨૩૫-૧૨૩૫
શીંગદાણા-૧૨૧૨-૧૨૧૨
ઘઉં-
સોયાબીન-૭૭૭-૭૭૭

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-
શીંગદાણા-
જીરૂ-
તલસફેદ-
કપાસ-
ઘઉંલોકવન-
મગ-
ઘઉંટુકડા-
ચણા-
મકાઈ-
જુવાર-
બાજરો-
સોયાબીન-

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-૫૯૫-૫૯૫
અડદ-
ચણા-૧૩૦૦-૧૩૦૦
મેથી-૧૦૦૦-૧૦૦૦
બાજરો-૪૦૦-૪૦૦
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૪૫૦
તુવેર-૧૬૦૦-૧૬૦૦
ચણા-૧૨૦૦-૧૪૮૦
તુવર-૧૬૦૦-૧૬૦૦
ઈસબગુલ-૧૫૯૦-૧૫૯૦
ઘઉંટુકડા-૫૦૦-૫૫૮
ઘઉંલોકવન-૫૦૦-૫૫૫
મગ-૧૫૩૫-૧૫૪૮
તલસફેદ-૨૦૯૦-૨૩૩૫
રાય-૧૦૫૦-૧૦૫૦
સોયાબીન-૭૫૦-૭૬૩
અડદ-૧૨૦૦-૧૨૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૬૦૦-૧૧૫૦
દાડમ-૧૦૦૦-૨૮૦૦
મુસંબી-૫૦૦-૭૫૦
સંતરા-૧૮૦૦-૨૫૦૦
કીવી-૫૦૦૦-૬૫૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૭૦૦
અનાનસ-૧૨૦૦-૧૭૦૦
આલુચા-૧૪૦૦-૨૦૦૦
કેળા-૪૦૦-૫૨૦
પોપૈયા-૭૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૪૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૪
ન્યુનતમ તાપમાન ૨૬.૨
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૧.૬

# જન્માષ્ટમી નિમિતે અમરેલી જીલ્લાના જરૂરીયાતમંદ અંધ દંપતિઓને રાશનની કીટનું વિતરણ કરાયું

## રાષ્ટ્રીય અંધજન મંડળ જીલ્લાશાખા અમરેલી દ્વારા આયોજન



અમરેલી,રાષ્ટ્રીય અંધજન મંડળ જીલ્લાશાખાઅમરેલીદ્વારાજન્માષ્ટમીના પર્વ નિમિતે અમરેલી જીલ્લાના જરૂરીયાતમંદ અંધ દંપતિઓને તા. ૧૯-૮ ના મોટા માચીયાળાના હાલ મુંબઈના જાણીતા દાનવીર ચંદ્રકાંતભાઈ વોરાના અધ્યક્ષ સ્થાને અમરેલી ચિતલ રોડ અંધશાળામાંરાશનકીટ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં એડવોકેટ કૌશલભાઈ દવે , વિનોદરાય સી.દવે, સંસ્થાના પ્રમુખ દિલિપભાઈ પરીખ, ટ્રસ્ટી મુકેશભાઈ વાટીયા, સંસ્થાના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા રાષ્ટ્રીય અંધજન મંડળ જીલ્લાશાખા અમરેલીના મંત્રી આર.એચ. સાધુએ જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમનું સંચાલન સંસ્થાના કર્મચારીતુલસીભાઈ દુધરેજીયા અને આભાર દર્શન અશ્વિનભાઈ શેલડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# વિસાવદરના વેકરીયાની સીમમાં ઇંગ્લીશ દારૂના કેસમાં આરોપીના જામીન મંજુર

## એસએમસીએ દરોડો પાડી દારૂ ઝડપી લીધો હતો



અમરેલી,વિસાવદર તાલુકાના વેકરીયા ગામની સીમમાં ગઈ તારીખ ૦૪/૦૧/૨૪ ના રોજગુજરાતસ્ટેટ મોનિટરિંગ સેલ એ ફોરવીલ કારમાંથી ઈંગ્લિશ દારૂનો જથ્થો પકડી પાડેલ જે ગુના નીતપાસમાં એલસીબી જુનાગઢ કરે છે જેની તપાસ દરમિયા ધારી પ્રેમ પરાના રહીશ મયુરભાઈ મનુભાઈ જેબલીયા નું નામ આરોપી તરીકે ખુલેલ અને તેઓને પકડવા નામદાર કોર્ટમાંથી સીઆરપીસી કલમ ૭૦ મુજબનું વોરંટ મેળવેલ અને ગઈ તારીખ ૧૧/૦૮/૨૪નારોજ અટક કરેલ અને આરોપીના રિમાન્ડ મેળવેલ જે ગુનામાં આરોપી તરફે ધારીના વિદ્વાન વકીલ શ્રી અશ્વિનભાઈ એમ વાળા રોકાયેલ અને તેઓએ આરોપીને વિસાવદર નામદાર સેશન્સ કોર્ટમાંથી આરોપી તરફે દલીલ કરી આરોપીને જામીન મંજુર કરાવી છોડાવેલ છે.

## બાબરા ગોપાલક છાત્રાલય દ્વારા

# ચાવંડમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

## ધોરણ-૧૦, ૧૨, ટી. વાય. અને ડિગ્રી કોર્ષના તેજસ્વી તારલાઓને સન્માનિત કરાશે

પ્રતાપપરા, (ગીરીન્યુઝ)ગોપાલકએજયુકેશન એન્ડચેરીટેબલટ્રસ્ટ ગોપાલકછાત્રાલયબાબરા દ્વારા તા. ૨૬-૮ ના ચોથો શૈક્ષણિક સન્માન સમારોહ નકલંકધામ મંદિર ચાવંડ મુકામે યોજનારછે.અમરેલીજીલ્લાભરવાડસમાજના ભાઈઓમાટેધો-૧૦ ૭૦ટકા,૧૧ ૮૦ટકા, ૧૨-૭૦ ટકા, બહેનો માટે ધો-૧૦ ૬૦ટકા, ધો-૧૧-૭૦ટકા, ધો-૧૨-૫૦ટકાટી.વાયમાં ભાઈઓમાટે ૭૦ટકાબહેનોમાટેપાસ કલાસ તેમજબીએડ,પીટીસી, એમ્ફીલ,એલએલબી, એન્જીનીયરીંગ તેમજ અન્ય ડિગ્રી કોર્ષના વિધાર્થી પાસ કલાસ હોય તેમણે અરજી મોકલવા માટે કુંકાવાવ વડિયા મો.૯૭૨૭૪૯૨૬૯૪અમરેલીમો.૯૯૭૪૨ ૪૮૫૨૫ લીલીયા મો.૯૮૭૯૩ ૨૭૯૮૫ રાજુલા-જાફરા બાદ -૯૮૨૫૧ ૫૧૪૧૫ ,ધારી૯૪૨૮૩૪૩૬૮૩ખાંભા,૯૪૨૭૪ ૨૭૫૬૫ સાવરકુંડા ૯૯૨૫૨ ૬૪૩૧૮ ,બગસરા-૯૯૭૯ ૧૮૪ ૪૭૭ દામનગર, ૮૩૪૭૨ ૪૭૧ ૭૧ બાબરા અને લાઠીમાં હોસ્ટેલ મેનેજમેન્ટ ના નંબર પર સંપર્ક કરવો મો.૯૫૫૮૦ ૫૭૫૧૦નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# બાબરાના શ્રી કે. ડી. સેદાણી દંપતીનું સુરતમાં મુળદાસ બાપુના હસ્તે સન્માન

## પુ. મુળદાસબાપુએ શાલ ઓઢાડી સન્માન કર્યું : સંતોની ઉપસ્થિતિ



બાબરા,
મૂળ બાબરાના વતની અને હાલ અમદાવાદ વસતા જાણીતા કવિ લેખક અને બાબરા ચેમ્બરના પૂર્વ પ્રમુખ કે. ડી. સેદાણી તેમજ તેમના ધર્મપત્ની પ્રતિભાબેન નું સુરતમાં રામ મઢી ખાતે ત્યાંના ગાદીપતિ અને જાણીતા કથાકાર શ્રી મુળદાસ બાપુએ બંનેને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું.આ પ્રસંગે સંતરામ બાપુ તેમજ તેમનો શિષ્ય પરિવાર તેમજ સેદાણી ડિજિટલ પ્રા. લી. ના ચેરમેન વિવેક સેદાણી તેમજ ચિરાગ સેદાણી ઉપસ્થિત રહ્યા હતા.

# મોટા સમઢીયાળામાં બેન્ક અને પોસ્ટના કર્મચારીઓની ઉતમ સેવા

અમરેલી,ખાંભા તાલુકાના મોટા સમઢીયા ગામેએસબીઆઈ તથા સબ પોસ્ટ કચેરીના કર્મચારીઓ સાચા અર્થમાં કર્મ એ જ ધર્મનું સુત્ર સાર્થક કરી સાચા કર્મયોગી બની રહેલ છે. બેન્કના મેનેજર શ્રી પરમાર તેમજ કેશિયર જે.કે. મીના , ચૌહાણભાઈ આત્રણેય કર્મચારીઓ કોઈ પણ સમયની દરકાર કર્યા વિના બેન્કના ગ્રાહકોને ખાસ કરીને અભણ અને આદિવાસી શ્રમિકોને બેન્કમાં પૈસા જમા કરાવવા કે ઉપાડવામાં તેમજપાસમાંપ્રિન્ટ કરીઆપવામાંપોતાનો સહયોગ આપી છે. તેમજ સબ પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતાં શ્રી વરડાંગર તેમજ પોસ્ટ મેન આધાર કાર્ડની કામગીરી કરતાં કૃણાલભાઈ વ્યાસ દ્વારા પણ કર્મ એ જ ધર્મનું સુત્ર સાર્થક કરેલ છે.અનેબેન્કમાંઆવતાંગ્રાહકોનેપૈસા જમા કરવા કે ઉપાડવા તેમજ બહારના રાજયના શ્રમિકોને વિના વિલંબે આધારકાર્ડની કામગીરી કરીઆપે છે.આમ બેન્ક અને પોસ્ટના કર્મચારીઓ ગ્રાહકોને ઉપયોગી બની રહ્યા છે. તેમ અરવિંદ કાલાવડીયાની યાદીમાં જણાવાયું છે.

## શ્રાવણે શિવ દર્શન

# ખાંભા નજીક પાટી ગામે સ્વયંભુ બિરાજતાશ્રી ઈશાનેશ્વર મહાદેવ



અમરેલી,અમરેલી જીલ્લાનાં ખાંભા તાલુકાના પાટી ગામે પૌરાણિક પાંડવોકાલીન ઈતિહાસ સાથે જોડાયેલા ઈશાનેશ્વર મહાદેવનું પૌરાણિક મંદિર આવેલુ છે.અહિંયા શ્રાવણમાસ દરમિયાન ભક્તોની ભારે ભીડ જોવા મળે છે.ખાંભા તાલુકાના ગામો સહિત રાજુલા તથા સા.કુંડલા વિસ્તારમાંથી પણ ભક્તો બહોળી સંખ્યામાં દર્શન આવે છે.મોટા ભાગે શિવ મંદિરો પુર્વાભિમુખ હોય છે.પરંતુ આ મંદિરનું મુખ ઈશાનમુખ છે. આ શિવલીંગ સહિત બધા દેવતાઓ ઈશાનમુખ બિરાજમાન છે.આ શિવલીંગનો પૌરાણિક ઈતિહાસ પાંડવકાલીન સમયમાં અહિયા હિડમ્બાવન હતું. મહાભારતની કથા અનુસાર પાંડવો વનવાસ દરમિયાન જ્યાં રાત્રી રોકાણ કરતા હતા ત્યા સવાર પડતા પ્રથમ પ્રહરમાં શિવપુજા કર્યા બાદ જ જળ કે ફળાહાર લેતા તે વ્રતનિયમ મુજબ અહિયા પાંડવોએ પુજા કરેલ.અહિથી ૨૦ કિલોમીટર આશરે શાણાવાકીયા હિડમ્બા વનની વિસ્તારમાં ભીમચોરી તથા ભીમના પૌરાણિક અવશેષો પણ પુરાતત્વ વિભાગને મળી આવેલ છે. અહિયા ભક્તોની શ્રદ્ધા અનુસાર અનેક માનતાઓ પણ ફળે છે.તેમ ભિખુભાઈ બોરિસાગરની યાદિ જણાવે છે.

## દર વર્ષ કરતા ખરીદનાર વેપારી ઘટયા તો પણ આવક ચાર ગણી વધી

# સાવરકુંડલા નગરપાલિકા હસ્તકના વિવિધ વિભાગોમાં ૨૦ લાખ જેવી માતબર આવક

## પાલિકા પ્રમુખ મેહુલભાઇ ત્રિવેદી અને પ્રતિકભાઇ નાકરાણીએ આપેલી વિગતો



સાવરકુંડલા, (સૌરભ દોશી)
સાવરકુંડલા નગરપાલીકા પોતાના હસ્તકના વિવિધ વિભાગો જેવા કે વોટર વર્કસ, સેનિટેશન, લાઈટ અને રોશની, વાહન વ્યવહાર, વહીવટી વિભાગ વગેરેમાં ઉપયોગ બાદ નીકળતા વેસ્ટ મટીરીયલ્સ ની જાહેર ટેન્ડર પદ્ધતિ દ્વારા નિકાલ કરવામાં આવતા દર વર્ષ કરતા ચાર ગણી એટલે કે અ...ધ..ધ..૨૦લાખ રૂપિયા જેવી મતદાર રકમની આવક નગરપાલિકા ને થઈ છે આ બાબતની માહિતી આપતા પાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણીએ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષથી નગરપાલિકાનું સુકાન સંભાળ્યા બાદ પાલિકાને આર્થિક રીતે ઓછામાં ઓછું ભારણ આવે અને ઓછા ખર્ચે મહત્તમ સુવિધાઓ શહેરીજનોને આપી શકાય તેવો અભિગમ અમે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા ના માર્ગદર્શનથી અમલમાં મૂક્યો છે ત્યારે ચાલુ વર્ષે દર વર્ષની માફક વિવિધ વિભાગ ના ભંગારનો નિકાલ કરવાનો થતા વિવિધ વિભાગો ની વેસ્ટ વસ્તુઓનો નિકાલ કરવા માટે રાબેતા મુજબની જૂની પદ્ધતિ અમલ માં હતી કે જેમાં લોખંડ, પ્લાસ્ટિક, ઈલેક્ટ્રિક કેબલ, સ્ટેશનરી વગેરે ચીજ વસ્તુઓ પાલિકાના મેદાનમાં ઢગલો કરી ભંગારનું લે-વેચ કરતા વેપારીઓને બોલાવી ઉઘડો જ ભાવતાલ નક્કી કરી તેને વેચાણ આપવામાં આવતું હતું પરિણામે આવો ભંગાર લેનાર વેપારીઓ એક સંપ થઈ જતા હતા અને રિંગ કરી એક રૂપિયાનો માલ ૨૫ પૈસામાં ખરીદી જતા હતા તેથી નગરપાલિકાને ભંગાર નાં વેચાણ ની ઓછી આવક થતી હતી. અને ખરેખર માલના ૨૫% રકમ જ પાલિકાના મળતી હોવાનું વર્તમાન સત્તાધીશો ના ધ્યાનમાં આવતા અગાઉની 'ઢગલે ધિંગાણા 'ની ઉઘડા પદ્ધતિ રદ કરી પારદર્શક પદ્ધતિ અમલમાં મૂકી વર્તમાન પત્રોમાં ભંગાર વેચાણની ઓપન જાહેરાત આપી તેના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા અને ટેન્ડરમાં વધુ ભાવ આવે તેવી પાર્ટીઓને બધાને હાજરીમાં ટેન્ડર ખોલી તેમાં જેના ભાવ મહત્તમ હોય તેને ભંગાર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે મુજબ ગત તારીખ ૧૨/૮/ના રોજ નગરપાલિકા ખાતે ભંગાર ખરીદનાર ૧૧ આસામીઓ ના ટેન્ડર ટેન્ડર ભરનારા ની હાજરીમાં ખોલાતા ભંગાર ના ૨૦લાખ રૂપિયા જેવી રકમ ઉપજી હતી જેમાં વાલ્વના ત્રણ લાખ ૭ હજાર રૂપિયા, કેબલ ના ૮, ૫૦,૦૦૦, ગેલ્વેનાઈઝ પાઈપ ના પાંચ લાખ નવ હજાર રૂપિયા, પીવીસી પાઇપ ના ૭૦ હજાર રૂપિયા, મોટર પંપ ના બે લાખ રૂપિયા, પસ્તી, પેપર વગેરે ની ૩૦૫૦૦ ની આવક થઈ હતી અત્યાર સુધી જૂની પદ્ધતિમાં સ્ક્રેપ લેનાર વેપારીઓ હરરાજી સમયે ૯૦ થી ૧૦૦ જેટલા થઈ જતા હતા તો પણ પાલીકા ને છ થી સાત લાખ રૂપિયા ની આવક થતી હતી જયારે આ વર્ષે પારદર્શક રીતે ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકી ત્યારે માત્ર ૧૧ વેપારીઓ એ જ નગરપાલિકાના નિયમ અનુસાર ટેન્ડર ભરેલા અને આ ૧૧ ટેન્ડર્સ ની હાજરીમાં જ આ સ્કેપનું વેચાણ કરવામાં આવ્યું હતું જેથી દર વર્ષે રિંગ કરી કરે ઉઘડો માલ માત્ર ૨૫% રકમમાં જ ખરીદી લઈ રિંગમાં સંકળાયેલ વેપારીઓ વધારાની રકમ નો ભાગ પાડી ઉપરની 'મલાઈ તારવી 'લેતા હતા ત્યારે આ વખતે વર્તમાન સત્તાધીશોએ પારદર્શક રીતે ટેન્ડર પ્રક્રિયા અમલમાં મુકતા 'મલાઈ તારવી ' લેતા વેપારી માં નારાજગી ફેલાઈ હતી જેથી વધારાના ભાગ લેનાર વેપારીઓ એ ટેન્ડર ભર્યા જ ન હતા અને વાસ્તવિક ખરીદારો એ જ ટેન્ડર ભરતા નગરપાલિકાને દર વર્ષે જે પાંચથી સાત લાખ રૂપિયા ની સ્કેપની આવક થતી હતી તેની જગ્યાએ ચાલુ વર્ષે ૨૦ લાખ રૂપિયા જેવી અ..ધ..ધ .આવક થઈ છે ભંગાર ના વેચાણ માં દર વર્ષની સરખામણીએ ચાર ગણી આવક થતા નગરપાલિકાના સદસ્યો, કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે અને પ્રમુખ ,ઉપપ્રમુખ ની કામ કરવાની પારદર્શક પદ્ધતિ ને બીરદાવી રહ્યા છે.

# લાઠીના ધ્રુફણીયા-દહીંથરા પ્રાથમિક શાળામાં ટવીનીંગ કાર્યક્રમ યોજાયો

## શાળા કક્ષાએ કાર્યક્રમનું સુંદર આયોજન થયેલું



દામનગર,દામનગર પે સેન્ટર ની શ્રી દહીથરા પ્રાથમિક શાળામાં શાળા ટવીનીંગ કાયેક્રમ અંતર્ગત દહીથરા અને ધ્રુફણીયા પ્રાથમિક શાળાના ટવીનીંગ કાર્યક્રમનુ આયોજન તારીખ ૨૧/૮/૨૪ને બુધવારે કરવામાં આવ્યુહતું. જેમા ધ્રુફણીયા પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ દહીથરા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. શાળામાં થતી પ્રવૃત્તિઓથી અવગત કરાવી શાળા કક્ષાએ યોજવામાં આવેલ વિજ્ઞાન મેળામાં નંબર મેળવેલ.

# લીલીયા સરદાર પટેલ ચોકમાં લેડીઝ અને જેન્ટસ ટોયલેટની ભારે દુર્દશા

## ટોયલેટની સાફસફાઈ થતી નથી, પાણીની પણ સુવિધા નથી



લીલીયા, (મહેશ દવે)લીલીયામાં સરદાર પટેલચોકમાંગ્રામપંચાયત કચેરીદ્વારાલેડીઝ અને જેન્ટસ ટોયલેટનું કામ ૧૫ માં નાણાપંચમા વર્ષ-૨૦૨૩-૨૪ મા ત્રણ લાખના ખર્ચે બનાવવામાં આવેલ. લેડીઝ અને જેન્ટસ ટોયલેટની ઉપર સીન્ટેક્ષની ટાંકી ભરવામાં આવતી નથી. અને સફાઈ પણ કરવામાં આવતી નથી. અધ્યતન સુવિધા ઉભી કરેલ છે.અને સરકારી નાણાનો ઉપયોગ કરેલ છે.છતા પણ હાલમાં દરવાજાનો મેળ નથી કે અંદર નળ પણ નથી.જેથી લોકો માટે ઉભી કરાયેલ સુવિધા સફાઈ અને પાણીના અભાવે ઉપયોગમાં લઈ શકાય તેવી હાલતમાં નથી.તો ગ્રામપંચાયતદ્વારા ૮ ટોયલેટ બ્લોકમાં સાફ-સફાઈ અને સુવિધા ઉભી કરવા લોકોની માંગણી છે.આ વિસ્તારમાં બસસ્ટેન્ડ અને મંદિર આવેલા હોય જેથી આ પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે.

# ચાંદગઢમાં બિરાજતાં શ્રી ઓમ દુધેશ્વર મહાદેવ



ચાંદગઢ, (ગીરીશ ઠાકર)
અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે પાદરમાં બિરાજતાં ઓમ દુધેશ્વર મહાદેવ આવેલ છે. શ્રાવણ માસ શિવ મયબની ગામના લોકો દર્શન કરવા આવે છે. શ્રાવણ માસના સોમવારે બપોરના અને સાંજે ૧૦૮ દિવડાની દિપ માળા થાય છે. શિવજીના અડીને બે મંદિર આવેલ છે. જુના મંદિરની બાજુમાં જ નવુ શિવ મંદિર છે.
હાલ પુજારી ભરતપરી જસુપરી ગોસાઈ સેવા પુજા કરે છે. મહાવીરભાઈ ભીખુભાઈ ખુમાણ દિપ માળાના દર્શન કરતાં તસ્વીરમાં નજરે પડે છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# બોટાદમાં શ્રી જેબલીયા દ્વારા નારી શકિતનું સન્માન



બોટાદ,બોટાદ ના બહુમુખી પ્રતિમા ધરાવતા અને અનેક સામાજિક ધામિર્ક રાજકીય સંસ્થા સંગઠનો સાથે જોડાય સામાજિક ધામિર્ક કાયો કરી રહેલ અને તેમા ઉડીને આખે વળગે તેવી ગૌરક્ષાની શુભ કામગીરી કરતાં બોટાદ ના જાણીતા ગૌરક્ષક સામતભાઈ જેબલીયા દ્વારા આજે રક્ષાબંધન ના પવિત્ર દિવસે બોટાદ મહિલા પોલીસ સ્ટેશનમાં બોટાદ શહેર જીલ્લા ના દરેક ક્ષેત્રના પ્રતિભાશાળી ,એકસો અગિયાર, ૧૧૧, મહિલા નારી શક્તિ વિરાગના ઝાસીની રાણી જેવી અનક બહેનોને રજવાડી કસરીયા સાફા બાંધી શક્તિ રૂપેણ રજવાડી તલવારૂ અપેણ કરી રજવાડી ઠાઠથી વિશેષ સન્માન કરવામાં આવેલ.સામતભાઈ જેબલીયા દ્વારા બીજું કાંઈ નહીં ને ફક્ત તલવારૂ જ આપીને કેમ સન્માન કરેછે તેની પાછળ સુવેણે ઈતિહાસ ધરબાયેલો છે કારણ કે તલવાર ઘરમાં કે ઓફિસ મા હોય તો તે શક્તિનુ સ્વરૂપ છે .તેમ બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ની યાદીમાં જણાવાયું છે.

# વિદ્યાર્થીના અકસ્માતે મોત માટે ગુજરાત સરકાર પણ રૂપિયા ચુકવશે

ગાંધીનગર,ગુજરાતમાં અકસ્માતે મૃત્યુ પામનાર વિદ્યાર્થીના પરિવારને આપવામાં આવે છે આર્થિક સહાય. ગુજરાતના શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ આ અંગે માહિતી આપી હતી. વિધાનસભા ગૃહ ખાતે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અકસ્માતે અવસાન થાય તેવા વિદ્યાર્થીઓના વાલીઓને રાજ્ય સરકાર "શહીદ વીર કિનારીવાલા યોજના હેઠળ રૂ. ૧,૦૦,૦૦૦ નું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજયભરમાં મૃત્યુ પામેલા ૧૪ વિદ્યાર્થીના વાલીઓને કુલ રૂ. ૧૪,૦૦,૦૦૦ તેમજ વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૭ વિદ્યાર્થીઓના વાલીઓને કુલ રૂ. ૧૭,૦૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે.

# સુરેન્દ્રનગરમાં તબીબો ગેરહાજર રહેતાં મુશ્કેલી

સુરેન્દ્રનગર,
સુરેન્દ્રનગરમાં શિક્ષકો બાદ તબીબો ગાયબ હોવાનો ઘટસ્ફોટ થયો છે. સુરેન્દ્રનગરની મુખ્ય સિવિલ હોસ્પિટલના ૮ તબીબો ગેરહાજર હોવાની ઘટના સામે આવી છે. સિવિલ સર્જનને જાણ કર્યા વગર જ લાંબા સમયથી તબીબો ગેરહાજર છે. સુરેન્દ્રનગર સિવિલ સર્જને આરોગ્ય વિભાગને જાણ કરી છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓના હાલ બેહાલ થયા છે.બીજી તરફ બેવડી ઋતુના પગલે રોગચાળો પણ વકર્યો છે. હોસ્પિટલમાં ડોકટરમાં હાજર ન હોવાથી દર્દીઓની લાંબી કતારો લાગી છે. હાલ દાખલ દર્દીઓને દિવસમાં માત્ર ૧ જ વખત ચેકિંગ કરાઈ છે. બીજી તરફ સુરેન્દ્રનગરની સરકારી શાળાના ૩૫થી વધુ શિક્ષકો ગેરહાજર હોવાનું સામે આવ્યુ છે. સરકારી શાળાના ૩૫ શિક્ષકો સતત ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. ચોટીલા, સાયલા, ચુડા, ધ્રાંગધ્રા, લીંબડી, પાટડી, લખતર, વઢવાણ, મૂળીની શાળાઓમાં શિક્ષક ગેરહાજર હોવાનું સામે આવ્યુ છે. શિક્ષકો રજા લઈ વિદેશ તેમજ પોતાના વતન જતા રહ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

# તોરી રામપુરમાં સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયું



તોરી,વડીયાના તોરી રામપુર ગામ આદર્શ માધ્યમિક શાળામાં ઉપસરપંચ પરેશભાઈ કોટડીયા અને શ્રીમતી નિતાબેન કોટડીયાના હસ્તે ધ્વજ વંદન બાદ વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કર્યા હતાં. પે.સેન્ટર શાળામાં નાની બાળાઓએ ઝાંખી સાથે તિરંગો લહેરાવ્યો હતો. ધો. ૨ અને ૩ના વિદ્યાર્થીઓને આઝાદ યુવક મંડળ દ્વારા કિટ આપવામાં આવી હતી. રામપુર પ્રા.શાળામાં સરપંચ શ્રીમતી વિનતુબેન કોટડીયા અને વિદ્યાર્થીની ધારા બહેનના હસ્તે તિરંગો લહેરાવ્યો હતો. આ પ્રસંગે આઝાદ યુવક મંડળ પ્રમુખ વિનુભાઈ કોટડીયા, અશોકભાઈ બોરડ દ્વારા આંકબુક નોટબુક થેલી સહિતનું વિતરણ થયું હતું. આચાર્યશ્રી બારૈયા, શ્રી હિરપરા, શ્રી હસુભાઈ ઠુંમરે કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સંચાલન હિતેષભાઈએ કર્યુ હતું.

પહેલા પાનાનું

## લોક મેળાનો

ત્યાં કોઈ આયોજન નથી ત્યારે રાજુલા શહેરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ રુદ્રગણ દ્વારા પુંજા બાપુ ગૌશાળા અને સ્મશાનના લાભાર્થે ભવ્ય લોકમેળાનું લોકાર્પણ આજરોજ કરવામાં આવ્યું હતું. સભ્ય હીરાભાઈ ની ઉપસ્થિતિમાં આ લોકમેળાને આજે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું અને ખુદ ધારાસભ્ય પોતાની રાઈટ્સમાં બેઠી આ મેળાને ખુલ્લુ મૂકી અને લોકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો
આ તકે રવુભાઈ ખુમાણ સંજયભાઈ ધાખડા તથા મનુભાઈ ધાખડા બીપીનભાઈ વેગડા મુકેશભાઈ ગુજરીયા તથા આયોજક શ્રી આયોજક શ્રી રુદ્ર ગણ દ્વારા ગૌશાળાના લાભાર્થી મેળાનું કર્યું હતું તેમજ ઋદ્ર ગણનાં સભ્ય સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય બાબત છે કે જિલ્લા મથકે લોકમેળાનું આયોજન થયું નથી ત્યારે તાલુકા કક્ષાએ આજે રાજુલામાં લોકમેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

# ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## વડોદરાના ડોડીયા ગામે પાણી પ્રશ્નનો નિકાલ કરાતાં સન્માન

### કેનાલ દ્વારા ખેતરમાં ભરાતા પાણીનો કાયમી ધોરણે નિકાલ કરવામાં આવ્યો



ગીર સોમનાથ,
વડોદરા ડોડિયા ગામના ખેડૂતોના ખેતરોમાં ભરાતા પાણીની સમસ્યાનો કાયમી નિકાલ લાવવા બદલ વડોદરા ડોડિયાના ખેડૂતોએ કલેકટર કચેરી, ઈણાજ ખાતે જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાનું સન્માન કર્યું હતું.છેલ્લા ૨૦વર્ષથી વડોદરા ડોડિયાના ખેડૂતો પોતાના ખેતરમાં પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના પંચાયત સહિતના વિભાગોએ ઉત્કૃષ્ટ કામગીરી દાખવતા ખેતરમાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો હતો.ખેતરમાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવતા વડોદરા ડોડિયાના ખેડૂતોએ પુષ્પગુચ્છ દ્વારા તેમજ શાલ ઓઢાડી જિલ્લા કલેક્ટરશ્રી પ્રત્યે પોતાનો આભાર પ્રગટ કર્યો હતો. આ તકે, ખેડૂતોએ નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલનો પણ આભાર વ્યકત હતો.કાર્યપાલક ઈજનેર (પંચાયત) અંકિત ભદૌરિયાના જણાવ્યાનુસાર, કિંદરવા પાટિયાથી વડોદરા-ડોડિયા ગામ સુધી બન્ને બાજુ ૫ કિલોમીટરની ગટર બનાવવામાં આવી હતી. આ ગટરના કારણે હવે ખેડૂતોના ખેતરમાં જે પાણી ભરાતું હતું તેનો ત્વરિત નિકાલ થવા પામે છે. જેથી અંદાજીત ૫૦૦ વિઘા જમીનના પાકને નુકસાન થતું અટકશે.ચોમાસા પહેલા જ આ ઉકેલ આવી જતા વડોદરા ડોડિયા ગામના ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે.વડોદરા ડોડિયાના ખેડૂત શ્રી જયેશભાઈ ડોડિયાએ જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન દર વર્ષે અમારા ખેતરોમાં ખૂબ જ પાણી ભરાઈ જતું હતું.

# જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## સીમાસી અને દિવરાણામાં પ્રાકૃતિક કૃષિ અંગે કિસાન ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ,
રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની માહિતી અને માર્ગદર્શન આપવા આત્મા પ્રોજેક્ટના વિવિધ માધ્યમો દ્વારા કાર્ય કરી રહ્યુ છે. રાજ્યના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ કરે અને તેમનો ખેતી ખર્ચ તેમજ જમીનની ફળદ્રુપતા અને સમગ્ર જીવસૃષ્ટિનું આરોગ્ય જળવાઈ રહે તેમજ પર્યાવરણમાં પણ સંતુલન બની રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.પ્રાકૃતિક કૃષિ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા મેંદરડા તાલુકાના સીમાસી ગામ તથા માંગરોળ તાલુકાના દિવરાણા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ અન્વયે કિસાન ગોષ્ઠીનું કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાકૃતિક કૃષિની આપણે કેમ જરૂર પડી અને તેનાથી થતા ફાયદા બાબતે ઉપસ્થિત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.પ્રાકૃતિક કૃષિ ખરીફ પાકોમાં શા માટે આજના સમયની જરૂરિયાત છે.


# કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## પિતા એ વ્હાલસોઇ દિકરીના અંગોનું હૃદયપૂર્વક દાન કર્યુ

## અમદાવાદ સિવિલમાં ૧૬૧મું અંગદાન લેવાયું

### એક લીવર, બે કીડની , બે આંખો ( કોર્નિયા) તથા સ્કીનના અંગદાન



ભુજ,
કચ્છ જિલ્લાના અંજાર તાલુકા સ્થિત મોમાયનગર ખાતે રહેતા જગદીશભાઈ રાજગોરની ૨૪ વર્ષીય દીકરી જીનલને બ્રેઈન સ્ટ્રોક થતા તારીખ ૧૯/૦૮/૨૦૨૪ ના રોજ સઘન સારવાર અર્થે કચ્છ થી સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા.સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તારીખ ૨૧-૦૮-૨૦૨૪ના રોજ ડોક્ટરોએ જીનલને બ્રેઈન ડેડ જાહેર કરી. ઉક્ત અંગદાનમાં વિષેશ વાત એ હતી કે, દર્દી જીનલ અને તેનું પરીવાર કચ્છનું હોવાથી અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના દિલીપ દેશમુખ (દાદા) કે જેમની કર્મભુમી પણ કચ્છ રહી છે તેમને કોઈક રીતે આ અંગે જાણ થતા તેમણે સિવિલ હોસ્પિટલ આવી પોતે જીનલ ના પિતા સાથે વાત કરી તેમને અંગદાન વિશે સમજાવ્યા .વધુમાં અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રયાસોથી આજે ઘણા લોકો આ વિશે જાગ્રુત થયા છે જેના પરીણામે જ આ બ્રેઈન ડેડ દીકરી જીનલના પરીવારના નજીક ના સગા માં અને પોલીસ વિભાગમાં કાર્યરત એવા સ્નેહાબેનના પ્રયાસો અને સમજણથી જગદીશભાઈ પોતાની દીકરીના બ્રેઈન ડેડ હોવાની વાતને સમજી અને સ્વીકારી શક્યા અને પોતાની દીકરી જેવી બીજી કોઈ દીકરી કે અન્ય જરુરીયાતમંદની જીંદગી બચાવવા અંગદાન કરવાનો નિર્ણય લઈ શક્યા. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડો.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે, જીનલના અંગદાનથી મળેલ બે કિડની, એક લીવરને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલના જરુરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે . આંખોને સિવિલ મેડીસીટી કેમ્પસની એમ એન્ડ જે આંખની હોસ્પિટલમાં આઇ બેંકમાં સ્વીકારવામાં આવ્યું.

